Thursday
05.10.2023
*Volume :8 * Issue No.71
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor:Arjun Sondarva *Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs.90/-

પ્રધાનમંત્રી પાંચમી ઓકટોબરના રોજ રાજસ્થાન અને મધ્ય પ્રદેશની મુલાકાત લેશે

પ્રધાનમંત્રી રાજસ્થાનમાં આશરે રૂ. ૫૦૦૦ કરોડનાં મૂલ્યની વિવિધ પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે

પ્રધાનમંત્રી આઈઆઈટી જોધપુર પરિસર રાષ્ટ્રને સમર્પિત કરશે

પ્રધાનમંત્રી ઇન્દોરમાં લાઇટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત નિર્માણ પામેલા ૧૦૦૦થી વધારે મકાનોનું ઉદઘાટન કરશે

પ્રધાનમંત્રી જબલપુર, મધ્યપ્રદેશમાં 'વીરાંગના રાણી દુર્ગાવતી સ્મારક અને ઉદ્યાન'નું ભૂમિ પૂજન કરશે

પ્રધાનમંત્રી મધ્યપ્રદેશમાં રૂ. ૧૨,૬૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન, શિલાન્યાસ અને દેશને સમર્પિત કરશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૫ ઓક્ટોબર, ૨૦૨૩નાં રોજ રાજસ્થાન અને મધ્યપ્રદેશની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી સવારે ૧૧:૧૫ વાગ્યે રાજસ્થાનનાં જોધપુરમાં માર્ગ, રેલવે, ઉડ્ડયન, સ્વાસ્થ્ય અને ઉચ્ચ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં આશરે રૂ. ૫,૦૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ વિકાસકાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી બપોરે ૦૩:૩૦ વાગ્યે મધ્યપ્રદેશના જબલપુર પહોંચશે, જ્યાં તેઓ 'વીરાંગના રાણી દુર્ગાવતી સ્મારક અને ઉદ્યાન'નું ભૂમિ પૂજન કરશે તેમજ માર્ગ, રેલવે, ગેસ પાઈપલાઈન, આવાસ અને પીવાના સ્વચ્છ પાણી જેવા ક્ષેત્રોમાં રૂ. ૧૨,૬૦૦ કરોડથી વધુની કિંમતની યોજનાઓનું પણ ઉદઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરશે.

પ્રધાનમંત્રી રાજસ્થાનમાં

પ્રધાનમંત્રી રાજસ્થાનમાં સ્વાસ્થ્ય સાથે સંબંધિત માળખાગત સુવિધાઓને મજબૂત કરવા માટેનાં મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરશે. આ પ્રોજેક્ટ્સમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ, જોધપુરમાં ૩૫૦ પથારીઓ ધરાવતાં 'ટ્રોમા સેન્ટર એન્ડ ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોક' તથા સમગ્ર રાજસ્થાનમાં વિકસાવવામાં આવનાર પ્રધાનમંત્રી – આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન (પીએમ-એએચઆઈએમ) હેઠળ સાત ક્રિટિકલ કેર બ્લોક સામેલ છે. એઈમ્સ જોધપુરમાં 'ટ્રોમા, ઈમરજન્સી એન્ડ ક્રિટિકલ કેર' માટેનું ઈન્ટિગ્રેટેડ સેન્ટર ૩૫૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિકસાવવામાં આવશે. તેમાં ટ્રાઈએજ, ડાયગ્નોસ્ટિક્સ, ડે કેર, વોર્ડ, પ્રાઈવેટ રૂમ, મોડ્યુલર ઓપરેટિંગ થિયેટર્સ, આઈસીયુ અને ડાયાલિસિસ એરિયા જેવી વિવિધ સુવિધાઓ સામેલ હશે. તે દર્દીઓને મલ્ટિડિસિપ્લિનરી અને વ્યાપક સંભાળ પ્રદાન કરીને આઘાત અને કટોકટીના કેસોના સંચાલનમાં સાકલ્યવાદી અભિગમ લાવશે. રાજસ્થાનમાં સાત ક્રિટિકલ કેર બ્લોક્સ જિલ્લા કક્ષાના ક્રિટિકલ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરશે, જેનાથી રાજ્યના લોકોને લાભ થશે. પ્રધાનમંત્રી જોધપુર એરપોર્ટ પર અત્યાધુનિક ન્યૂ ટર્મિનલ બિલ્ડિંગનાં વિકાસ માટે શિલારોપણ પણ કરશે. કુલ ૪૮૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આ નવા ટર્મિનલ બિલ્ડિંગને લગભગ ૨૪,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં વિકસિત કરવામાં આવશે અને પીકઅવર્સ દરમિયાન ૨,૫૦૦ મુસાફરોને સેવા પૂરી પાડવા માટે સજ્જ કરવામાં આવશે. તે દર વર્ષે ૩૫ લાખ મુસાફરોને સેવા પૂરી પાડશે, કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને આ વિસ્તારમાં પર્યટનને પ્રોત્સાહન આપશે. પ્રધાનમંત્રી આઈઆઈટી જોધપુર પરિસર પણ દેશને સમર્પિત કરશે. ૧૧૩૫ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક કેમ્પસનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ અત્યાધુનિક સંશોધન અને નવીનતાની પહેલોને ટેકો આપવા માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંપૂર્ણ શિક્ષણ પ્રદાન કરવા અને માળખાગત સુવિધાનું નિર્માણ કરવાની દિશામાં એક પગલું છે. રાજસ્થાનની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવા માટે પ્રધાનમંત્રી દેશને 'સેન્ટ્રલ ઈન્સ્ટ્રૂમેન્ટેશન લેબોરેટરી', સ્ટાફ ક્વાર્ટર્સ અને 'યોગ એન્ડ સ્પોર્ટ્સ સાયન્સ બિલ્ડિંગ' અર્પણ કરશે. તેઓ રાજસ્થાનની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં સેન્ટ્રલ લાઈબ્રેરી, ૬૦૦ કેપેસિટી હોસ્ટેલ અને વિદ્યાર્થીઓ માટે જમવાની સુવિધાનો શિલાન્યાસ કરશે. રાજસ્થાનમાં રોડ પર માળખાગત સુવિધાઓ સુધારવા માટેના આ પગલામાં પ્રધાનમંત્રી એનએચ-૧૨૫એ પર જોધપુર રિંગ રોડના કારવારથી ડાંગિયાવાસ સેક્શનને ચાર માર્ગીય બનાવવા સહિત વિવિધ માર્ગ વિકાસલક્ષી પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. બાલોત્રાથી સાંડેરાવ સેક્શન વાયા જાલોર (એનએચ-૩૨૫)ના સાત બાયપાસ/રિ-એલાઈનમેન્ટનું નિર્માણ; રાષ્ટ્રીય રાજમાર્ગ – ૨૫નાં પચપદ્રા-બગુંડી વિભાગને ચાર માર્ગીય બનાવવા માટેનો પ્રોજેક્ટ.- આ માર્ગ પ્રોજેક્ટ્સ આશરે ૧૪૭૫ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. જોધપુર રીંગરોડ શહેરમાં ટ્રાફિકના દબાણને સરળ બનાવવા અને વાહનોના પ્રદૂષણમાં ઘટાડો કરવામાં મદદ કરશે. આ પ્રોજેક્ટ કનેક્ટિવિટીમાં સુધારો કરવામાં, વેપારને વેગ આપવા, રોજગારીનું સર્જન કરવામાં અને વિસ્તારમાં આર્થિક વૃદ્ધિ કરવામાં મદદરૂપ થશે. પ્રધાનમંત્રી રાજસ્થાનમાં બે નવી ટ્રેન સેવાઓને લીલી ઝંડી આપશે. તેમાં જેસલમેરને દિલ્હીથી જોડતી નવી ટ્રેન - રૂનીચા એક્સપ્રેસ અને મારવાડ જંક્શન - ખંબલી ઘાટને જોડતી નવી હેરિટેજ ટ્રેનનો સમાવેશ થાય છે. રૂનીચા એક્સપ્રેસ જોધપુર, દેગના, કુચામન સિટી, ફુલેરા, રિંગાસ, શ્રીમાધોપુર, નીમ કા થાણા, નારનૌલ, અટેલી, રેવાડીમાંથી પસાર થશે, જેનાથી રાષ્ટ્રીય રાજધાની સાથે તમામ શહેરોની કનેક્ટિવિટીમાં સુધારો થશે. મારવાડ જંક્શન-ખંબલી ઘાટને જોડતી નવી હેરિટેજ ટ્રેન પ્રવાસનને વેગ આપશે અને આ વિસ્તારમાં રોજગારીનું સર્જન કરશે. ઉપરાંત પ્રધાનમંત્રી દ્વારા અન્ય બે રેલ પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. તેમાં ૧૪૫ કિલોમીટર લાંબી 'દેગના-રાય કા બાગ' રેલવે લાઈનને બમણી કરવા અને ૫૮ કિલોમીટર લાંબી 'દેગના-કુચામન સિટી' રેલવે લાઈનને બમણી કરવા માટેના પ્રોજેક્ટ્સ સામેલ છે.

પ્રધાનમંત્રી જોધપુરની એઈમ્સમાં ટ્રોમા સેન્ટર એન્ડ ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોકનો શિલાન્યાસ કરશે

પ્રધાનમંત્રી મધ્યપ્રદેશમાં

ભારત સરકાર દ્વારા રાણી દુર્ગાવતીની ૫૦૦મી જન્મ શતાબ્દીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીએ જુલાઈ, ૨૦૨૩માં મધ્યપ્રદેશનાં શહડોલની મુલાકાત દરમિયાન આ ઉજવણી સાથે સંબંધિત જાહેરાત કરી હતી. તેમણે લાલ કિલ્લાની પ્રાચીર પરથી આ વર્ષે સ્વતંત્રતા દિવસના ઐતિહાસિક સંબોધન દરમિયાન આ જાહેરાતનો પુનરોચ્ચાર કર્યો હતો. આ ઉજવણીના ભાગરૂપે અનુરૂપ પ્રધાનમંત્રી વીરાંગના રાણી દુર્ગાવતી સ્મારક ઔર ઉદ્યાન' ભૂમિ પૂજન કરશે'. જબલપુરમાં આશરે ૧૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર, 'વીરાંગના રાણી દુર્ગાવતી સ્મારક ઔર ઉદ્યાન' લગભગ ૨૧ એકર વિસ્તારમાં ફેલાયેલું હશે. તેમાં રાણી દુર્ગાવતીની ૫૨ ફૂટ ઉંચી કાંસાની પ્રભાવશાળી પ્રતિમા પ્રદર્શિત કરવામાં આવશે. તેમાં એક ભવ્ય સંગ્રહાલય હશે જે રાણી દુર્ગાવતીની બહાદુરી અને સાહસ સહિત ગોંડવાના ક્ષેત્રના ઈતિહાસને પ્રકાશિત કરશે. તે ગોંડ લોકો અને અન્ય આદિવાસી સમુદાયોની વાનગીઓ, કળા, સંસ્કૃતિ, જીવનશૈલી વગેરેને પણ પ્રકાશિત કરશે. 'વીરાંગના રાણી દુર્ગાવતી સ્મારક ઔર ઉદ્યાન'ના પરિસરમાં ઔષધીય વનસ્પતિઓ માટેનો બગીચો, કેક્ટસ ગાર્ડન, રોક ગાર્ડન સહિત અનેક પાર્ક અને બગીચાઓ પણ હશે. રાણી દુર્ગાવતી ૧૬મી સદીના મધ્યમાં ગોંડવાનાના શાસક રાણી હતા. તેણીને એક બહાદુર, નીડર અને હિંમતવાન યોદ્ધા તરીકે યાદ કરવામાં આવે છે જેણે મુઘલો સામે સ્વતંત્રતા માટે લડત આપી હતી. મધ્યપ્રદેશના ઈન્દોરમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટનું ઉદઘાટન થવાની સાથે જ 'તમામ માટે આવાસ' પ્રદાન કરવાના પ્રધાનમંત્રીના વિઝનને મજબૂત કરવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી અંતર્ગત લગભગ ૧૨૮ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આ પરિયોજનાથી ૧૦૦૦થી વધુ લાભાર્થી પરિવારોને લાભ થશે. તે તમામ મૂળભૂત સુવિધાઓ સાથે ગુણવત્તાસભર ઘરોનું નિર્માણ કરવા માટે નવીન ટેકનોલોજી 'પ્રી-એંજિનિયર્ડ સેન્ડવિચ પેનલ સિસ્ટમ વિથ પ્રી-એન્જિનિયર્ડ સ્ટીલ સ્ટ્રક્ચરલ સિસ્ટમ' નો ઉપયોગ કરાયો છે, પરંતુ બાંધકામના સમયમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વ્યક્તિગત ઘરગથ્થુ નળ જોડાણો મારફતે પીવાનું સુરક્ષિત અને પર્યાપ્ત પાણી પ્રદાન કરવાના પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરવાની દિશામાં એક પગલું ભરીને મંડલા, જબલપુર અને ડિંડોરી જિલ્લાઓમાં રૂ. ૨૩૫૦ કરોડથી વધુના મૂલ્યના અનેક જલ જીવન મિશન પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવશે. પ્રધાનમંત્રી ૧૦૦ કરોડ રૂપિયાથી વધારેની કિંમતનો જલ જીવન મિશન પ્રોજેક્ટ સિઓની જિલ્લામાં દેશને સમર્પિત કરશે. રાજ્યના ચાર જિલ્લાઓમાં આ યોજનાઓથી મધ્ય પ્રદેશના લગભગ ૧૫૭૫ ગામોને લાભ થશે. પ્રધાનમંત્રી મધ્યપ્રદેશમાં રોડની માળખાગત સુવિધા સુધારવા માટે રૂ. ૪૮૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કરશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાજમાર્ગ ૩૪૬નાં ઝારખેડા-બેરસિયા-ધોળખેડીને જોડનારા માર્ગને અપગ્રેડ કરવા સહિત વિવિધ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરશે. રાષ્ટ્રીય રાજમાર્ગ ૫૪૩નાં બાલાઘાટ-ગોંદિયા સેક્શનને ફોર લેનિંગ; રુધિ અને દેશગાંવને જોડતા ખંડવા બાયપાસને ફોરલેનિંગ; એનએચ ૪૭ના ટેમાગાંવથી ચિચોલી સેક્શનને ફોર લેનિંગ; ગોરેગાંવથી શાહપુરને જોડતો રસ્તો ચાર માર્ગીય; અને શાહપુરથી મુક્તનગરને જોડતો રસ્તો ચાર માર્ગીય બનાવવાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાજમાર્ગ ૩૪૭સીનાં ખલઘાટથી સરવરદાવાલાને જોડતાં માર્ગનું અપગ્રેડેશન દેશને અર્પણ કરશે. પ્રધાનમંત્રી રૂ. ૧૮૫૦ કરોડથી વધારે મૂલ્યનાં રેલવે પ્રોજેક્ટ દેશને અર્પણ કરશે. તેમાં કટની-વિજયસોટા (૧૦૨ કેએમ) અને મારવાસગ્રામ-સિંગરૌલી (૭૮.૫૦ કિલોમીટર)ને જોડતી રેલવે લાઇનને બમણી કરવાનો સમાવેશ થાય છે. આ બંને પ્રોજેક્ટ કટની- સિંગરૌલી સેક્શનને જોડતી રેલવે લાઇનને બમણી કરવાનાં પ્રોજેક્ટનો ભાગ છે. આ વિવિધ પ્રોજેક્ટથી મધ્યપ્રદેશમાં રેલવેની માળખાગત સુવિધામાં સુધારો થશે, જેનાથી રાજ્યમાં વેપાર અને પર્યટનને લાભ થશે. પ્રધાનમંત્રી વિજયપુર-ઔરૈયાં-ફૂલપુર પાઈપલાઈન પ્રોજેક્ટ દેશને સમર્પિત કરશે.

૩૫૨ કિલોમીટર લાંબી આ પાઈપલાઈન ૧૭૫૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. પ્રધાનમંત્રી મુંબઈ નાગપુર ઝારસુગુડા પાઈપલાઈન પ્રોજેક્ટનાં નાગપુર જબલપુર સેક્શન (૩૧૭ કિલોમીટર)નું શિલારોપણ પણ કરશે. આ પ્રોજેક્ટ ૧૧૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવશે. ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટ્સ ઉદ્યોગો અને ઘરોને સ્વચ્છ અને વાજબી કુદરતી ગેસ પ્રદાન કરશે તથા પર્યાવરણમાં ઉત્સર્જન ઘટાડવાની દિશામાં એક પગલું હશે. પ્રધાનમંત્રી જબલપુરમાં એક નવા બોટલિંગ પ્લાન્ટનું લોકાર્પણ પણ કરશે, જેનું નિર્માણ આશરે રૂ.૧૪૭ કરોડનાં ખર્ચે થયું છે.

સાણંદ ખાતે મારી માટી, મારો દેશ અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાની અમૃત કળશ યાત્રા યોજાઈ

તાલુકાના તમામ ૬૯ ગામોમાંથી માટીના કળશ એકઠા કરી મુખ્ય અમૃત કળશ તૈયાર કરાયો

કમલમ્ ન્યુઝ,

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં ઉત્સાહપૂર્વક મારી માટી, મારો દેશ અભિયાનની ઉજવણી કરાઈ હતી. આ સાથે વીર શહીદોની યાદમાં ઠેર ઠેર માટીને નમન, વીરોને વંદન થીમ સાથે કાર્યક્રમો યોજાયા હતા. આ ઉજવણીના ભાગરૂપે બીજા ચરણમાં કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે મારી માટી, મારો દેશ અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાની અમૃત કળશ યાત્રા યોજાઈ હતી. જેમાં તાલુકાના તમામ ૬૯ ગામોમાંથી માટી એકત્ર કરી એક મુખ્ય કળશ તૈયાર કરાયો હતો અને તાલુકા લેવલે ભવ્ય અમૃત કળશ યાત્રા યોજાઈ હતી. તમામ ગામોમાંથી એકઠી કરાયેલ માટીને મહાનુભાવો દ્વારા મુખ્ય અમૃત કળશમાં એકત્ર કરવામાં આવી હતી. ત્યારબાદ શિલાફલકમ પર અમૃત કળશ મૂકીને વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ યાત્રા પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રભક્તિના ગીતો પર પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ પંચાયતોમાંથી એકત્ર કરાયેલ માટી તાલુકા સ્તર પર અને ત્યાંથી રાજ્ય સ્તરે થઈ રાષ્ટ્રીય સ્તરે લઈ જવામાં આવશે. ત્યારબાદ રાજધાની દિલ્હીમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વીર શહીદોની યાદમાં અમૃત વન તૈયાર કરાશે. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, સીઆઈએસએફ કમાન્ડન્ટ શ્રી ચિત્રાસેન સિંહ, જિલ્લા પંચાયતના પ્રમુખ સુશ્રી કંચનબા વાઘેલા, તાલુકા પંચાયતના પ્રમુખ સુશ્રી વસંતબા વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી સુશ્રી સપનાસિંહ રાજપૂત, ગામના સરપંચશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ, અગ્રણીઓ, જવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

૬૩મા એનડીસી કોર્સના ફેકલ્ટી અને કોર્સના સભ્યો રાષ્ટ્રપતિને મળ્યા

ઝડપથી બદલાતા ભૌગોલિક રાજકીય વાતાવરણમાં, આપણે કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સારી રીતે તૈયાર રહેવાની જરૂર છે: રાષ્ટ્રપતિ મુર્મુ

કમલમ્ ન્યુઝ,

ફેકલ્ટી અને ૬૩મા નેશનલ ડિફેન્સ કોલેજ કોર્સના સભ્યો, આજે (૪ ઓક્ટોબર, ૨૦૨૩) રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રૌપદી મુર્મૂને મળ્યા હતા. આ પ્રસંગે બોલતા, રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે, આપણી સુરક્ષા ચિંતાઓ પ્રાદેશિક અખંડિતતાની જાળવણીથી આગળ વધે છે અને અર્થતંત્ર, પર્યાવરણ, ઊર્જા સુરક્ષા અને સાયબર સુરક્ષા સાથે વ્યવહાર કરવાની સુખાકારીના અન્ય પરિમાણોને આવરી લે છે. સશસ્ત્ર દળોની ભૂમિકા પણ પરંપરાગત સૈન્ય બાબતોથી આગળ વિસ્તૃત થઈ છે. જટિલ સંરક્ષણ અને સુરક્ષા વાતાવરણમાં ભાવિ સંઘર્ષ માટે વધુ સંકલિત બહુ-રાજ્ય અને બહુ-એજન્સી અભિગમની જરૂર પડશે. આથી, એનડીસી કોર્સ ભવિષ્યના જટિલ સુરક્ષા વાતાવરણને વ્યાપક રીતે પહોંચી વળવા માટે લશ્કરી અને સનદી સેવાઓના અધિકારીઓને તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે વૈશ્વિક ભૂ-રાજકીય વાતાવરણ ગતિશીલ છે અને અસંખ્ય પડકારો ઉભા કરે છે. ઝડપથી બદલાતા ભૌગોલિક રાજકીય વાતાવરણમાં, આપણે કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સારી રીતે તૈયાર રહેવાની જરૂર છે. રાષ્ટ્રીય અને વૈશ્વિક મુદ્દાઓની ઊંડી સમજ રાખવાની જરૂર છે. આપણે માત્ર આપણા રાષ્ટ્રીય હિતોને જ સુરક્ષિત રાખવાના નથી પરંતુ સાયબર વોરફેર, ટેક્નોલોજી સક્ષમ આતંકવાદ અને ક્લાઈમેટ ચેન્જ જેવા નવા સુરક્ષા પડકારો માટે પણ તૈયારી કરવી પડશે. અદ્યતન જ્ઞાન અને વ્યાપક સંશોધન પર આધારિત અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવો જરૂરી છે. રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે, નેશનલ ડિફેન્સ કોલેજનો અભ્યાસક્રમ આ પ્રકારનો એક અભ્યાસક્રમ છે, જેમાં શાસન, ટેક્નોલોજી, ઈતિહાસ અને અર્થશાસ્ત્રની સાથે રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહરચનાના ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, એનડીસીમાં શીખવાનો સંપૂર્ણ અભિગમ– જેમાં સંશોધન, વર્ગખંડની ચર્ચાઓ, પ્રસિદ્ધ વક્તાઓની સૂઝ અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુલાકાતો મારફતે જમીન પરનાં સંપર્કનો સમાવેશ થાય છે, જેણે પડકારોનો સામનો કરવા માટે અભ્યાસક્રમનાં સભ્યોને સમૃદ્ધ બનાવ્યાં છે.

ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે "Western Zone Vice Chancellor's Conference on Implementation of NEP-2020" વેબ પોર્ટલનુ લોન્ચિંગ કરાયું

શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે Western Zone Vice Chancellor's Conference on Implementation of NEP-2020" વેબ પોર્ટલનુ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ અન્વયે પ્રી-વાઈબ્રન્ટ સમિટ તરીકે શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા "Western Zone Vice Chancellor's Conference on Implementation of NEP-2020" વિષય પર તા. ૨૬/૧૦/૨૦૨૩ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા કોલોની ખાતે કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દિવ-દમણ અને દાદરાનગર હવેલી વિગેરે ૦૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, યુનિવર્સિટીઓના NEP કો-ઓર્ડીનેટર્સ તથા એમ. એસ. યુનિવર્સિટી, બરોડાના ડીન, સરકારી કોલેજોના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહેશે. આ કોન્ફરન્સમાં રજીસ્ટ્રેશન અને કોન્ફરન્સને લગતી જરૂરી વિગતો દર્શાવતું એક વેબ પોર્ટલ બનાવવામાં આવેલ છે. જેનું આજે મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ URL સાથે https://conferencewzgujgovedu.in/ અધતન પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે જેમાં કોન્ફરન્સની પૂર્વભૂમિકા આપતો શોર્ટ વિડિયો, હેતુ, પેનલ ડિસ્કશનના મુદ્દાઓ અને શિડ્યુલ સ્પીકરની માહિતી, સોશિયલ મીડિયા પ્લેટફોર્મની માહિતી વગેરે ઉપલબ્ધ કરવામાં આવેલ છે. કેવડિયા ખાતે યોજાનાર આ કોન્ફરન્સ યુજીસી દ્વારા વેસ્ટર્ન ઝોનને જે જવાબદારી સોંપવામાં આવી છે તે અન્વયે રાષ્ટ્રીય નીતિ ૨૦૨૦ના અમલીકરણના ભાગરૂપે યોજવામાં આવી રહી છે. આ કોન્ફરન્સમાં ગુણવત્તા સભર શિક્ષણ, સુયોગ્ય સંચાલન, સૌને સમાન શિક્ષણ મળે, સ્કિલ શિક્ષણ અને શિક્ષણ વચ્ચે સુમેલ ઊભો થાય, હોલીસ્ટિક એજ્યુકેશન, સંશોધનો, એન્ટરપ્રિનિયરશીપ જેવા મુદ્દાઓ પર ચર્ચા થયા પછી તેના અમલીકરણના મુદ્દા તૈયાર થશે. જેથી વિદ્યાર્થીઓને ગુણવત્તા યુક્ત શિક્ષણ, રોજગારીની વિશાળ તકો, ઉચ્ચ શિક્ષણના શિક્ષણના વિસ્તૃત શિક્ષણ અને નવા અભ્યાસક્રમોનો લાભ મળશે. આ લોન્ચિંગ પ્રસંગે શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ મુકેશકુમાર, ટેકનીકલ શિક્ષણ વિભાગના કમિશ્નર બંછા નીધી પાની, ઉચ્ચ શિક્ષણ વિભાગ કમિશ્નર પરિમલ પંડ્યા ઉપસ્થિત રહ્યાહતાં.

તંત્રી સ્થાનેથી......

શ્રી નરેન્દ્ર મોદીનીઅધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ISRWD કાયદાની કલમ ૫(૧) હેઠળ હાલનીક્રિષ્ના વોટર ડિસ્પ્યુટ ટ્રિબ્યુનલ-II (કેડબલ્યુડીટી-)ને તેલંગાણાઅનેઆંધ્રપ્રદેશ (એપી) વચ્ચે તેનાચુકાદા માટે વધુસંદર્ભની શરતો (ટીઓઆર) ઈશ્યૂ કરવાની મંજૂરી આપી દીધી છે. આ કાનૂની અભિપ્રાય પ્રાપ્ત કરવા પર આધારિત છે અને તેલંગાણા સરકાર (જીઓટી) દ્વારાઆંતર રાજ્ય નદી જળ વિવાદો (ISRWD) અધિનિયમ, ૧૯૫૬ નીકલમ (૩) હેઠળ તેમનીફરિયાદમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર પ્રકાશ પાડે છે. કૃષ્ણા નદીના પાણીના ઉપયોગ, વિતરણ અથવા નિયંત્રણ અંગેના બંને રાજ્યો વચ્ચેના વિવાદના નિરાકરણથી તેલંગાણા અને આંધ્રપ્રદેશ બંને રાજ્યોમાં વિકાસના નવા માર્ગો ખુલશે અને આ બંને રાજ્યોના લોકો માટે ફાયદાકારક રહેશે, જેથી આપણા દેશના નિર્માણમાં મદદ મળશે. કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ-૨ની રચના કેન્દ્ર સરકારે ૦૨.૦૪.૨૦૦૪ના રોજ ઓઈએસઆઈઆરડબલ્યુડી ધારા, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ પક્ષીય રાજ્યો દ્વારા કરવામાં આવેલી વિનંતીઓ પર કરી હતી. ત્યારબાદ ૦૨-૦૬-૨૦૧૪ના રોજ ભારત સંઘના રાજ્ય તરીકે તેલંગાણા અસ્તિત્વમાં આવ્યું. આંધ્રપ્રદેશ પુનર્ગઠન અધિનિયમ (એપીઆરએ), ૨૦૧૪ની કલમ ૮૯ મુજબ, એપીઆરએ, ૨૦૧૪ની ઉપરોક્ત કલમની કલમો (એ) અને (બી)નું સમાધાન કરવા માટે કેડબલ્યુડીટી-નો સમયગાળો લંબાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેલંગાણા સરકારે ૧૪.૦૭.૨૦૧૪ના રોજ ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય (એમઓજેએસ)ના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા જીર્ણોદ્ધાર વિભાગ (ડીઓડબલ્યુઆર, આરડી એન્ડ જીઆર)ને કૃષ્ણા નદીના પાણીના ઉપયોગ, વિતરણ અને નિયંત્રણ અંગેના વિવાદનો ઉલ્લેખ કરીને એક ફરિયાદ મોકલી હતી. આ મામલે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં માનનીય સુપ્રીમ કોર્ટ (એસસી)માં એક રિટ પિટિશન પણ દાખલ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮માં ભારત સરકારે ડીઓડબલ્યુઆર, આરડી એન્ડ જીઆર, એમઓજેએસને વિનંતી કરી હતી કે, તેઓ ફક્ત તેલંગાણા અને આંધ્રપ્રદેશ વચ્ચે સંદર્ભનો અવકાશ મર્યાદિત રાખીને આ ફરિયાદને હાલનાં કેડબલ્યુડીટી-૨ને સુપરત કરે. બાદમાં માનનીય પ્રધાન (જલ શક્તિ) હેઠળ યોજાયેલી ૨૦૨૦ માં બીજી એપેક્સ કાઉન્સિલની બેઠકમાં આ મામલે ચર્ચા કરવામાં આવી હતી. સર્વોચ્ચ પરિષદની બીજી બેઠક દરમિયાન ચર્ચા થયા મુજબ, જીઓટીએ ૨૦૨૧માં ઉપરોક્ત રિટ પિટિશન પાછી ખેંચી લીધી હતી અને ત્યારબાદ, આ મામલે ડીઓડબલ્યુઆર, આરડી અને જીઆર દ્વારા કાયદા અને ન્યાય મંત્રાલય (એમઓએલ એન્ડ જે)નો કાનૂની અભિપ્રાય માંગવામાં આવ્યો હતો.

એક એવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે, જ્યાં ગાંધીજીના ગ્રામ સ્વરાજનું સ્વપ્ન સાકાર કરવા અધિકારી- કર્મીઓ આપે છે પરીક્ષા

મિલેટ્સ-૨૦૨૩ હેઠળ વિસરાતી જતી જાડા ધાન્યની વાનગી બનાવી ગરીબ દર્દી, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓને વિના મૂલ્યે અપાય છે.

મધુશાલા પ્રોજેક્ટ હેઠળ મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ દ્રષ્ટાંત પૂરુ પાડતું વલસાડનું ચણવઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

કમલમ્ ન્યુઝ,વલસાડ

ગુજરાત સરકારના દરકે સરકારી દવાખાનામાં દવા અને સારવાર તો મળતીજ હોયછે પરંતુ એક એવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે જ્યાં દવા અને સારવારની સાથે સાથે કર્મચારીઓમાં નૈતિકતાના ગુણો કેળવાય તેમાટે ગાંધી જયંતિ નિમિત્તો ગાંધી જીવન ઉપર અધિકારીથી માંડી કર્મચારીઓની પરીક્ષા લેવામાં આવેછે. સાંભળીને થોડી નવાઈ લાગે પણ વર્ષ ૨૦૨૧થી ગાંધીજીતેમજ વિનોબા ભાવે સહિત મહાન વિભૂતિઓના જીવન અને તેમના મૂલ્યોનું જતન વલસાડ તાલુકાના ચણવઈ પીએચસીમાં થઈ રહ્યું છે. આ પીએચસીમાં મહિલા સશક્તિકણનું પણ શ્રેષ્ઠ દ્રષ્ટાંત જોવામળે છે કે જે સંભવતઃ રાજ્યના અન્ય કોઈ પી.એચ.સીમાં જોવા નહીં મળે. આ સિવાય ખાસ કરીને માતા મરણ અટકાવવા સગર્ભા માતાઓ માટે સખીમંગલા પ્રોજેક્ટ હેઠળ કિચન ગાર્ડનથી માંડીને આનંદ મેળા સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જે અન્ય પીએચસીમાં ભાગ્યે જ જોવા મળે છે. હકીકતમાં ચણવઈ પીએચસી અન્ય પીએચસીઓ માટે પ્રેરણાનું ઝરણુ સમાન બન્યું છે. ગુજરાત સરકાર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ સુદૃઢ બને તે માટે અવનવા રચનાત્મક પ્રવૃત્તિ સાથેના વિવિધ પ્રોજેકટો અમલમાં મુકવામાં આવે છે. સરકારી દવાખાનાઓ હવે આધુનિક સુવિધાઓ સાથે હાઈટેક બની રહ્યા છે પરંતુ આરોગ્ય કર્મચારીઓનો દર્દી સાથેનો નાતો પણ એટલોજ મહત્વનોછે. જેના ઉપર વિશેષ ભાર મુકી વલસાડ તાલુકાના ચણવઈ ગામના પીએચસીના મેડિકલ ઓફિસર ડો. રાધિકાબેન ટીક્કુએ સમાજ સેવા અને નૈતિકતાના મૂલ્યો કર્મચારીઓમાંપણ જળવાઈ રહે તે માટે નવોચીલો ચાતર્યોછે. સ્કૂલમાં જે રીતે બાળકોની પરીક્ષા લેવાય તેમ ગાંધીજંયતિ નિમિત્તે તેઓ દર વર્ષે પોતાના ૬૩ કર્મચારીઓની ગાંધીજી અને વિનોબા ભાવે જેવા મહાન વિભૂતિઓના જીવન વિષય પર કર્મચારીઓની પરીક્ષા લેછે. જે માટે કર્મચારીઓને પરીક્ષાની તૈયારી કરવા એક માસ અગાઉ વિના મૂલ્યે પુસ્તકો પણ વાંચન માટે આપવામાં આવે છે. પરીક્ષામાં ઉતિર્ણ થનારને પ્રમાણપત્ર એનાયત થાય છે. આ અંગે માહિતી આપતા ડો. રાધિકા ટીક્કુ જણાવે છે કે, પ્રેરણાત્મક અભિગમ સાથે ગાંધીજીના ગ્રામ સ્વરાજનું સ્વપ્ન સાકાર કરવા માટે અને તેમના મૂલ્યો જીવનમાં ઉતારવા માટે ગાંધી પરીક્ષા લેવામાં આવે છે. જેના થકી સ્ટાફનો વ્યક્તિત્વ વિકાસ થાય અને વર્કિંગ સ્કિલ પણ વધે છે. હકારાત્મક અભિગમ સાથે કામ કરવાથી કૌશલ્ય પણ વધે છે. મૌલિક વિચારોનું પણ આદાન પ્રદાન થાય છે. ગાંધીજી અને વિનોબા ભાવે સહિત સરકારની આરોગ્યલક્ષી વિવિધ યોજના, જળ પરિવર્તન અને કલાઈમેટ ચેન્જ સહિતના વિષયોની પણ પરીક્ષા લેવાય છે. માતા મરણ અટકાવવા માટે સખી મંગલા પ્રોજેકટ હેઠળ સગર્ભા માતામાં એનિમિયા અટકાવી શકાય અને લોહતત્વ મળી શકે તેમાટે કિચન ગાર્ડનમાં મેથીની ભાજીનું વાવેતર કરાવાય છે. આ સિવાય સગર્ભા માતાના પોષણ માટે પ્રોટીન એક્સ પાઉડર દૂધ સાથે લેવા માટે વિના મૂલ્યે અપાય છે. કુવાંરી સગર્ભા માતાઓને દત્તક લેવામાં આવે છે. દર મંગળવારે સગર્ભા માતાના ઘરે જઈ તેમના આર્થિક, સામાજિક અને પારિવારિક પ્રશ્નોને સાંભળી તેનો ઉકેલ લવાય છે. તેઓ વધુમાં જણાવે છે કે, વર્ષ ૨૦૨૩ મિલેટ્સ યર હોવાથી હેલ્થ મેળાને આનંદ મેળા સાથે જોડી પીએચસીના દરેક કર્મચારીઓ વિસરાતી જતી મિલેટ્સ (જાડા ધાન્ય)ની વાનગી બનાવી ગરીબ દર્દીઓ, કિશોરીઓ અને સગર્ભા ધાત્રીમાતાઓને વિના મૂલ્યે રાંધેલુ અન્ન આપવામાં આવે છે.

સરકારની આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓથી માંડીને જળ પરિવર્તન અને કલાઈમેટ ચેન્જ અંગે પણ પરીક્ષા લેવાય છે

દિવ્યાંગો માટે ખાસ રોજગાર ભરતી મેળામાં ૧૬ ઉમેદવારોની થઇ પસંદગી

કમલમ્ ન્યુઝ,વડોદરા,

મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, તરસાલી વડોદરા અને પીજીપી ગ્રુપ કોસંબા ગ્લાસ ડેકો પેકેજીંગ ડીવીઝનના સંયુકત ઉપક્રમે ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા (ડીસેબીલીટી) ધરાવતા અંધત્વ સિવાયની કેટેગરીના ૧૮ થી ૩૫ વર્ષના ૮ પાસ કે તેથીવધુ લાયકાત ધરાવતા દિવ્યાંગ ભાઈઓ માટે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પીજીપી ગ્રુપ કોસંબા એકમના એચઆર મેનેજર શ્રી અલ્પેશ મકવાણા તેમજ જરોદ સાવલી એકમના એચ આર મેનેજર શ્રીદિનેશ શાહની ટીમ દ્વારા ૨૫ થી વધારે વેકન્સી માટે ઈન્ટરવ્યુ પ્રક્રીયા હાથ ધરીને ૧૬ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. ભરતી મેળામાં ૨૩ જેટલા દિવ્યાંગ ઉમેદવારોએ ભાગ લીધો હતો. ઈન્ટરવ્યુ પહેલા ઉમેદવારોને કંપનીમા કામનીવિઝટ કરાવવામાં આવી હતી.

ભરતી મેળાની સાથે ઉમેદવારોને રોજગાર અધિકારીશ્રી અલ્પેશ ચૌહાણ અને રોજગાર કચેરીની ટીમ તેમજ એનસીએસ ડીએની ટીમ દ્વારા ઉમેદવારોને સ્વરોજગાર લોન સહાય, તેમજ વોકેશનલ તાલીમ કોર્સ,અનુબંધમ પોર્ટલ અને એનસીએસ પોર્ટલ અંગે માર્ગદર્શન આપવામાંઆવ્યું હતું.

પ્રદૂષણમુકત જીવન માટે વલસાડ નેચર કલબ દ્વારા ગાંધી જંયતિ નિમિત્તે સાઈકલિંગનું આયોજન કરાયું

કમલમ્ ન્યુઝ,વલસાડ

લોકોમાં વધુમાંવધુ સાયકલ ચલાવે અને પ્રદૂષણ મુક્ત જીવન જીવે તે માટે વર્ષ ૨૦૦૯થી વલસાડ નેચર ક્લબ દ્વારા પ્રકૃતિ શિક્ષણ તેમજ સાહસિક રમતોનું આયોજન કરાય છે. વર્ષ ૨૦૧૨માં ગાંધી જંયતિ નિમિત્તે બીજી ઓકટોબરનારોજ વલસાડ સાયકલિંગ ક્લબની શરૂઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત ગાંધી જંયતિના અવસરે નેચર ક્લબના પ્રમુખ પ્રિતેશપટેલ તેમજ તેમના ૧૪ વર્ષના વિદ્યાર્થી કવન દેસાઈ દ્વારા લોકો પ્રદુષણ મુક્ત વાહન વ્યવહારને રોજિંદા જીવનમાં પ્રાધાન્ય આપે એવા ઉદ્દેશ્યથી દર વર્ષે વલસાડથી ડાંગના જંગલોમાં ૩ દિવસની અવેરનેસ રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે વલસાડ સાઈક્લિંગ ક્લબના ૧૧ વર્ષ પુર્ણ થતા વલસાથી ધરમપુર રીટર્ન એમ ૫૦ કિલોમીટરની એનિવર્સરી રાઈડનું આયોજન કરવામાં હતું. જેમાં ૬ રાઈડર્સ દ્વારા ૫૦ કિ.મી સાઈક્લિંગ કરવામાં આવ્યું હતું. ઉદવાડાથી ૫૨ વર્ષીય રાઈડર ખુશરુભાઈ કુમાના દ્વારા કુલ ૯૬ કિ.મી. સાયક્લિંગ કરવામાં આવ્યું હતું.

ભુજ ખાતે કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા નિરિક્ષણ સમિતિની બેઠક મળી

કલેકટરશ્રી અમિત અરોરાએ મહિલા અને બાળ માટેની વિવિધ યોજનાઓની કામગીરીની સમીક્ષા કરી

કમલમ્ ન્યુઝ,ભુજ,

કલેકટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષ સ્થાને ભુજ ખાતે બેટીબચાવો, બેટી પઢાઓ યોજના હેઠળ જિલ્લા નિરિક્ષણ સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં કલેકટરશ્રીએ જિલ્લામહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ ચાલતી મહિલા અને બાળ અંગેની વિવિધ યોજનાની કામગીરીની સમીક્ષા કરીને તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં કલેકટરશ્રીએ પોલીસ સ્ટેશન બેઈઝડ સ્પોટ સેન્ટર, સખી વન સ્ટોપ સેન્ટર, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન, બેટી બચાઓ, બેટી પઢાઓ વગેરે યોજના હેઠળ થયેલી કામગીરીની વિગતો મેળવી હતી. તેમજ તે અંગે કમિટિના સભ્યો સાથે સંવાદ કરીને આ અંગે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં મંજુર થયેલા એકશન પ્લાન અંગેના આયોજન મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સુલોચનાબેન પટેલ તથા સમિતિના સભ્ય તરીકે વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિહોતર વિકાસ મંચના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી જગદીશભાઈ રબારી ની મધ્ય ગુજરાત ઝોનના પ્રભારી તરીકે નિમણુંક



કમલમ્ ન્યુઝ,

વિહોતર વિકાસ મંચના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી જગદીશભાઈ રબારી,ભુવાજી(ભાદરવા)નીસમાજ પ્રત્યેની તેમની સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાને લઈ વિહોતર વિકાસ મંચ,ગુજરાતપ્રદેશ પ્રમુખ શ્રી અજય દેસાઈ દ્વારા મધ્ય ગુજરાત ઝોનના પ્રભારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. મધ્ય ગુજરાત ઝોનના પ્રભારી તરીકે શ્રી જગદીશભાઈની નિમણુંક થતા વિહોતર વિકાસ મંચ,વડોદરાના પ્રમુખ રબારી શંકરભાઈજેઠાભાઈ, ભરુચજિલ્લા પ્રમુખ શ્રી રબારી હાર્દિકભાઈ પ્રકાશભાઈ, રાયસીંગપુરા, આણંદ જિલ્લાપ્રમુખ શ્રીધવલભાઈ,ખેડા જિલ્લાપ્રમુખ શ્રી નવીનભાઈ, રબારી કનુભાઈ ગાજરાવાડી, રબારી નાગજીભાઈપ્રભાતભાઈ ભુવાજીખંભોળજ, રબારી કનુભાઈ ઉમલ્લા, રબારી કનુભાઈ રાયકા, વિદ્યાનગર, રબારી પ્રવીણભાઈ રાયકા, રબારી નારણભાઈ ભુવાજી ડભોઈ, રબારી યોગેશભાઈ કાસોર,રબારીદિનેશભાઈ, હાલોલ સહિત સમાજના વિવિધ અગ્રણીઓએ આવકારી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

વિરાવાડા ખાતે વન્યપ્રાણી દિવસની ઉજવણી કરાઈ

કમલમ્ન્યુઝ,ઈકબાલમેમણ

સાબરકાંઠા જિલ્લામાં વન વિભાગ ધ્વારા આયોજીત જીલ્લા કક્ષાના વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત વિશ્વ વન્યપ્રાણી દિવસની ઉજવણી ધારાસભ્યશ્રી વી.ડી ઝાલાની અધ્યક્ષતામાંશ્રી સરસ્વતી એજયુકેશન સંસ્થા વિરાવાડા ખાતે કરવામાં આવી હતી. તારીખ ૦૨ ઓકટોમ્બર થી૦૮ ઓકટોમ્બર દરમિયાન વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીકરવામાં આવીરહી છે.વન સપ્તાહ દિવસની ઉજવણી નિમિત્તે વન વિભાગ દ્વારા નાટક થકી લોકોને વાઈલ્ડ લાઈફ અંગે સમજૂતી અપાઈ હતી. વન વિભાગ સ્ટાફ દ્વારા વેશભૂષા થકી લોકોને જણાવ્યું કે તમારા આસપાસ વિસ્તારમાંવન્ય પ્રાણીઓ નજરે પડે તો તાત્કાલિક વન વિભાગની ટીમને જાણ કરવી. સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૬ માં દિપડાની દસ સંખ્યા નોંધાઈ હતી .જે વધીને વર્ષ ૨૦૨૩ માં ૪૧ નોંધાઈ છે.

જ્યારે વર્ષ ૨૦૨૨ની વસ્તી અંદાજે રીંછની ૩૦ જેટલીસંખ્યા નોંધાઈછે. આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષકશ્રીએચ.જે.ઠક્કર, નાયબવન સંરક્ષકશ્રી એસ.ડી.પટેલ, મદદનીશ વન સંરક્ષકશ્રી વી.આર.ચૌહાણ, રાયગઢ પરિક્ષેત્રવન અધિકારીશ્રી એ.એમ.સિસોદીયા, સાબરકાંઠામાનદ વન્યપ્રાણી વોર્ડન શ્રી મયુરભાઈ રાઠોડ, એસોસીએટીવ પ્રોફેસર ડૉ. નીશીત ધારૈયા રીંછ અને દિપડાના નિષ્ણાંતશ્રી, કરૂણા એમ્બ્યુલન્સ ૧૯૬૨ ના પ્રોજેકટ મેનેજર શ્રી, સાબરકાંઠા વન વિભાગનાં RFO, વનપાલ, તેમજ વનરક્ષકો, બી.એડ કોલેજ સ્ટાફ, વિધાર્થીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

વૈષ્ણવજન તો તેને રે કહીએ પીડ પરાઈ જાણે રે જેવી મહાન પંકિતઓનો આધાર લઈને ૧૧ પુસ્તકોના સેટનું વાંચન વિદ્યાર્થીઓના માધ્યમથી કરાયું વાંચન

મોકસી પ્રાથમિક શાળામાં મારું જીવન એ જ મારો સંદેશ ની અનોખી રીતે ઉજવણી કરી પૂ.મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,વડોદરા,

આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ દર વર્ષે તા.૨ જીઓક્ટોબરનારોજ મહાત્મા ગાંધીના જન્મ દિવસપર સમગ્ર દેશમાંઉજવવામાં આવે છે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ ભાદરવા સી.આર.સીખાતેની મોકસીપ્રાથમિક શાળામાં મારું જીવન એ જ મારો સંદેશ અનોખી રીતે ઉજવણી કરીનેપૂજ્ય મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાંઆવી હતી.

નિત્ય નૂતન ગાંધીની સત્ય કથાઓ અને વૈષ્ણવજનતો તેને રે કહીએ પીડ પરાઈજાણે રે જેવી મહાન પંક્તિઓનો આધાર લઈને ૧૧ પુસ્તકોના સેટનું વાંચન વિદ્યાર્થીઓના માધ્યમથી અને શિક્ષાકોના સહકારથી યોજવામાં આવ્યુંહતું. મહાત્મા ગાંધીના દર્શન, એકતા, સત્ય અને અહિંસાની વિવિધ ચળવળો અને એમના વિચારોના આચરણની જીવનશૈલીની અનેપ્રકૃતિ મૈત્રીની બાબતો પુસ્તક વાંચનની પહેલથી નવી દિશા કંડારવામાં આવી છે. ભાદરવાના સી.આરસીકોઓર્ડીનેટર શ્રી મુકેશભાઈ શર્મા દ્વારા ગાંધી જન્મ જયંતીની ઉજવણી બાબતે અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સત્યના પૂજારી અહિંસાના ઉપાસક એક વિશ્વ માનવનું ચિત્ર ઉપસી આવે અને હાલના વિદ્યાર્થીઓ સ્વાવલંબન એટલે કે આત્મનિર્ભર બને તેની સમજ ઝીણવટ પૂર્વક આપવામાંઆવી હતી. બાપુના બીજી ઓકટોબર પહેલા પહેલી ઓકટોબરે એક કલાક સુધી શ્રમદાન કરીને સ્વચ્છતા ત્યાંપ્રભુતા અને સત્ય હીસેવા અંગેની આજની યુવા પેઢીને સ્વચ્છતાના સંદેશા અને શ્રમદાન દ્વારા સાચી સમજ મળે તે માટે મનો માવજત પણ કર્યા હતા.

પૂજ્ય બાપુ અનેક પડકારનો સામનો કરીનેપણ અહિંસાપ્રત્યેની તેમની માન્યતામાટે કટિબંધ રહ્યા સમાજ જીવનમાં બારડોલી સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ, ચંપારણ સત્યાગ્રહ, દાંડીકૂચ અસહકારની લડત જેવા તમામ અહિંસક પ્રયત્નોથી ગાંધીજીએ ભારતના દેશને આઝાદ કરાવ્યો તેઓ કાયમ સત્ય અને અહિંસાના પથ પર ચાલતા રહ્યા તે બાબતોની માહિતી શાળા મુલાકાત અને માર્ગદર્શન દરમિયાન આપવામાટેનો એક નવીપહેલ ઉભી કરવામાં આવી છે વિદ્યાર્થીઓ વાલીઓ અને સમાજના કેળવણીકારોએ આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, મોટેરા ખાતે યોજાનાર વર્લ્ડ કપ ક્રિકેટ મેચોને ધ્યાનમાં રાખી મેટ્રો ટ્રેનનો સમય લંબાવાયો

કમલમ્ ન્યુઝ,

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આગામી દિવસોમાં યોજાનાર વર્લ્ડ કપ ક્રિકેટ મેચોને લઈને ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા એક અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે તારીખે વર્લ્ડ કપ ક્રિકેટ મેચ યોજાશે તે દિવસે મેટ્રોટ્રેન સવારના ૬:૨૦ કલાકથી રાત્રિના ૧:૦૦ કલાક સુધીચાલુ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં અમદાવાદમાં મેટ્રો ટ્રેનની સેવાઓ સવારે ૬:૨૦ થી રાત્રે ૧૦:૦૦વાગ્યા સુધીસમગ્ર દિવસ દરમિયાન નિશ્ચિત ૧૨ મિનિટનાં અંતરાલ પર કાર્યરતછે. વર્લ્ડ કપ ક્રિકેટ મેચ યોજાનાર તા. ૦૫/૧૦/૨૩, તા. ૧૪/૧૦/૨૩, તા. ૦૪/૧૧/૨૩, તા. ૧૦/૧૧/૨૩, તા. ૧૯/૧૧/૨૩ ના દિવસે મેટ્રો ટ્રેન સેવાઓ સવારના ૬:૨૦ કલાકથી રાત્રિના ૧:૦૦ કલાક સુધી ચાલુ રહેશે. રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી તમામ મેટ્રો સ્ટેશનો પર માત્ર નિકાસ દ્વારજ ખોલવામાં આવશે. મોટેરાસ્ટેડિયમ મેટ્રોસ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પર પ્રવેશદ્વાર ઉલ્લેખિત તારીખે રાત્રિના૦૧:૦૦ કલાકે છેલ્લી ટ્રેન સેવાનાં પ્રસ્થાન સુધી ખોલવામાં આવશે. મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન પરથી પરત મુસાફરી માટે ટિકિટની ખરીદીમાં ભીડ ટાળવા તથા મુસાફરોની સુવિધા માટે પેપર ટિકિટની સુવિધા શરૂ કરવામાં આવી છે.

જે પરત મુસાફરી માટે મેચના દિવસે રાત્રે ૧૦:૦૦ કલાક પછી કોઈપણ સ્ટેશન સુધીની મુસાફરી માટે ? ૫૦ નાં નિશ્ચિત દરે ખરીદી શકાશે, તેવું ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડની અખબારીયાદીમાંજણાવાયું છે.

ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહિ

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

વિશ્વના દેશોઅને પ્રદેશોમાં આગામી તા. ૧૪ મી ઓક્ટોબરે શનિવારે કંકણાકૃતિઅને ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અવકાશી નજારો નિહાળવાજબરી ઉત્કંઠાજોવા મળે છે. પાંચ કલાક બાવન મિનિટનો સંપૂર્ણ ગ્રહણકાળ દરમ્યાન ૫ મિનિટ ૧૭ સેકન્ડની સ્થિરતા ઉપકરણો દ્વારા જોવાની તૈયારી આરંભી દીધી છે. આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ પરંતુ વિજ્ઞાનપ્રેમીઓ, ખગોળપ્રેમી, વૈજ્ઞાનિકોએ ગ્રહણની ગતિવિધિ નિહાળવા અને સંશોધન કરવા નિયત જગ્યા–સ્થળની પસંદગી કરી લીધી છે. ભારત જન વિજ્ઞાન જાથાનીરાજય કચેરીગ્રહણ સંબંધી વિશેષ જાણકારીઆપવાની તૈયારી આરંભી દીધી છે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ભારતમાં ગ્રહણ સંબંધી વૈધાદિ નિયમો જોવા મળે છે તે તદન અપ્રસ્તુત, બોગસ જાથાજાહેર કરે છે. જાથાના રાજય ચેરમેન–એડવોકેટ જયંતપંડયાએ જણાવ્યું કે સંવત ૨૦૭૯ભાદ્રપદ કૃષ્ણપક્ષ અમાસને તા. ૧૪મી ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ કન્યા રાશિ ચિત્રા નક્ષત્રમાં થનારૂં કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ જયારે આ ગ્રહણ ઉત્તર, મધ્ય, દક્ષિણ અમેરિકા, કોલંબિયા અને બ્રાઝિલમાં અદભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. કંકણાકૃતિ ૫ મિનિટ ૧૭ સેકન્ડ સુધી રહેશે. ભારતીય સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૨૦ કલાક ૩૩ મિનિટ ૩૫ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૨૧ કલાક ૪૦ મિનિટ ૦૯સેકન્ડ, ગ્રહણમધ્ય :૨૩ કલાક ૨૯ મિનિટ ૨૭ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૨૫ કલાક ૧૮ મિનિટ ૫૬ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૬ કલાક ૨૫મિનિટ ૧૧ સેકન્ડ, પરમ ગ્રાસ : ૦.૯૫૨ રહેશે. જાથના જયંત પંડયા વધુમાં જણાવે છે કે પૃથ્વી ઉપરહજારો ચંદ્ર–સૂર્યગ્રહણો પસાર થઈ ગયા છે. માત્રખગોળીય ઘટના છે તેવું વિજ્ઞાનની મદદથી સાબિત કરવામાં આવશે. ભારતમાં સદીઓથી ગ્રહણસમયે દાયકાઓ જુનીરદીદંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્ર ને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ–ક્રિયાકાંડો, વૈધાદિ નિયમોસુતક–બુતક ઠોકી, શારીરિક–માનસિક, આર્થિક શોષણનુ કામ લેભાગુઓએ ઉભુ કર્યુ છે. તેનાથી સાવધાન રહેવા જાથાગામે ગામજાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યુ છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન–પુણ્ય, જપ–તપ, સ્નાન કરવું, રાશિ ફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ અને અમુક જયોતિષીઓ છેતરપિંડીનુંકામ કરે છે તેનો જાથાસદૈવ વિરોધ કરે છે. સદીઓથી જયોતિષીઓ અને કર્મકાંડીઓના મિલાપીપણાના કારણે દેશમાં ગુમરાહ–ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. લેભાગુઓ પોતાની આજીવિકા–રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમોઆપીનકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓનીપ્રતિક હોળીકરે છે. જેથીજાથાએ સમગ્રદેશમાં જાગૃતિ અભિયાન હાથ ધર્યુ છે. વિશેષમાં એડવોકેટ જયંતપંડયાજણાવેછે કે પૃથ્વી ઉપર દર મિનિટે સારી–ખરાબ, શુભ–અશુભ, લાભ–નુકશાન, હોની–અનહોની ઘટના ભૌગોલિક પરિસ્થિતિ, પ્રાકૃતિક – કુદરતી, નિયમોઅનુસાર બને જ છે તેને કોઈ અટકાવી શકતું નથી કે રોકી શકતું નથી. તેને જપ–તપ, અનુષ્ઠાન, પૂજાવિધિ કે અન્ય કોઈપણ પ્રકારના ક્રિયાકાંડોના ગતકડા, આશિર્વાદ કે કૃપાદ્રષ્ટિ સાથે કશીજ લેવા–દેવાનથી. લેભાગુઓ સદીઓથી નિરાધાર વાતો મુકી અમંગળ ઘટનાબતાવી લોકોને મુર્ખ બનાવે છે. હોમ–હવન, જપ–તપ, અનુષ્ઠાન વિગેરેને અનુસરવું તે માનસિક અધઃપતનસાથેસમયની બરબાદી જ છે. ગ્રહણની જયોતિષીઓ દર્શાવે છે તેવી કોઈપણ ભૌગોલિક અસરો જોવા મળતી નથી. તેની પાસે એક પણ વૈજ્ઞાનિકઉપકરણ નથી. હંબક વાતો કરે છે. લોકોને ઉંઠા ભણાવે છે. મંદિર–દેવસ્થાના બંધ રાખવા, ગોળાનું પાણી ફેંકી દેવું, રાંધેલું અનાજ, પથારીનો ત્યાગ કરવો વિગેરે વર્ષો પૂર્વે બોગસ કહાની–કથનો છે. તેને ગ્રહણ સાથેકશી જ લેવા–દેવા નથી. માનવીએ ચંદ્ર–મંગળઉપર પગમુકી દીધોછે છતાં પણ ભારતમાં માનસિક નબળા લોકો ચંદ્ર–મંગળની વીંટીઓ, હાથના આંગળામાં પહેરી છિન્ન મનોવૃતિના દર્શન કરાવી તેના મંત્ર–જાપ કરીનંગની વીંટી પહેરી મુખામીનું પ્રદર્શન કરે છે. જેનાથી જાથા દુઃખી છે. રાજયમાં જાથાના વૈજ્ઞાનિક સમજ કાર્યક્રમો જિલ્લા મથકો રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, છોટા ઉદેપુર, ડાંગ આહવા, ગોધરા, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, હિંમતનગર, માણસા, રાજપીપળા, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ–ભુજ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ગિર સોમનાથ, ભાવનગર, જુનાગઢ, અમરેલી, બોટાદ, તાપી વ્યારા, મહીસાગર લુણાવાડ, ડીસા, ગાંધીધામ, અંજાર, ધોરાજી, ઉપલેટા, કેશોદ, મહુવા, કુંકાવાવ, બાબરા, લીંબડી સહિત અનેક તાલુકા મથકે અયાોજનની તૈયારી ચાલીરહી છે.

જાથાના નર્મળિ મેત્રા, અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, રાજુભાઈ યાદવ, હસમુખ ગાંધી, અરવિંદ પટેલ, વિનુભાઈ લોદરીયા, મથલ હુસેનભાઈ ખલીફા, નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, નર્ભયિ જોષી, રવિ પરબતાણી, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, અનેક કાર્યકરો પોતાના વિસ્તારમાં કાર્યક્રમ ગોઠવવાસંબંધીવ્યવસ્થાકરી રહ્યા છે.

"સ્વચ્છતા હી સેવા" અભિયાન અન્વયે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ, રાજકોટ દ્વારા રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઇ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

''સ્વચ્છતા હી સેવા'' અભિયાન અંતર્ગત મહાત્મા ગાંધીની જન્મજયંતિના આગલા દિવસે, ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ, વેસ્ટર્ન રીજીયન પાઈપલાઈન્સ, રાજકોટ દ્વારા કચરામુક્ત ભારત અભિયાન ચલાવીને રાષ્ટ્રપિતાને સ્વચ્છાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત ઝન, રાજકોટના કર્મચારીઓ અનેતેમના પરિવારના સભ્યો દ્વારા સફાઈ કર્મચારીઓ સાથે મળી રાજકોટના પ્રખ્યાત ક્રિસ્ટલ મોલની આસપાસના વિસ્તારની સફાઈ કરવામાં આવી હતી. તમામ કર્મચારીઓએ આજુબાજુના વિસ્તારની સફાઈ કરી કચરો એકઠો કરી ગાર્બેજ વાનમાં નાખ્યો હતો. કાર્યક્રમમાં સ્વચ્છતા યોદ્ધાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આપ્રસંગે ચીફ જનરલમેનેજર (ઈન્ચાર્જ) શ્રી જી. વેંક્ટરામનને કહ્યુંહતુંકે, 'સ્વચ્છતા એ એક સારીઆદત છે જે આપણા બધા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગમે તે ક્ષેત્ર હોય, આપણે હંમેશા તેનુંપાલન કરવુંજોઈએ. સ્વચ્છતા અનેકપ્રકારનીહોઈશકે છેજેમ કે સામાજિક, વ્યક્તિગત, વૈચારિક વગેરે, આપણે તેને દરેક ક્ષેત્રમાં અપનાવવી જોઈએ. વિચારોની સ્વચ્છતા આપણને સારી વ્યક્તિ બનાવે છે, જયારે વ્યકિતગત સ્વચ્છતા આપણને હાનિકારક રોગોથી બચાવેછે. તેથી, સ્વચ્છતા થકી દરેક પ્રકારના વિકાસ માટે આપણે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. ગાંધીજીના ''સ્વચ્છ ભારત''ના સ્વપ્નને પૂર્ણ કરવા માટેની ભાવનાથી પ્રેરિત થઈને રાજકોટ કચેરીદ્વારાઆ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ્ય સ્થાનિક લોકો સુધી સ્વચ્છતાનો સંદેશો પહોંચાડવાનો હતો.

આ અભિયાનમાં રાજકોટ કચેરીના ચીફ જનરલ મેનેજર (ટેકિનકલ) શ્રી લીલા પ્રસાદ કોંડુરી, અને ચીફ જનરલ મેનેજર (ઓપરેશન્સ) શ્રી સુજીત કુમાર તથાઆઈ.ઓ.સી.એલ. રાજકોટના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

એઈમ્સ દ્વારા પરાપીપળીયા ગામમાં સ્વચ્છતા અભિયાન હાથ ઘરાયુ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તો "સ્વચ્છતાહી સેવા' અભિયાન અંતર્ગતએઈમ્સ અને પરાપીપળીયાગ્રામપંચાયતના સંયુક્તઉપક્રમે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. રાજકોટના પરાપીપળીયા નજીક કાર્યરત એઈમ્સ આસપાસ સ્વચ્છતા જળવાઈ રહે અને દર્દીઓને આરોગ્યપ્રદ વાતાવરણ મળી રહે તે જરૂરી છે ત્યારે ગત પહેલી ઓક્ટોબરના રોજ પરાપીપળીયા ગામે એઈમ્સના ડેપ્યુટી ડિરેકટર કર્નલ પુનિત અરોરાની અધ્યક્ષતામાં એઈમ્સના તબીબો, સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ સાથે ગામની શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામપંચાયતના સભ્યો મળીને ૧૦૦થી વધુ લોકોએ પરાપીપળીયા ગામની શાળા આસપાસ તેમજ મુખ્ય રસ્તા પર સફાઈ હાથ કરી હતી.એકત્ર થયેલ કચરાનું યોગ્ય નિરાકરણ કરવામાં આવ્યુંહતું. આ ઉપરાંત ગ્રામજનોનેસ્વચ્છતાનું મહત્વ, હાથનીચોખ્ખાઈ અને નિરોગીજીવન અંગે જાગૃતિના કાર્યક્રમ હાથધરવામાં આવ્યો હતો.

કુપોષણ સામે જંગ: રાજકોટ જિલ્લામાં નવા આઠ બાળ કુપોષણ સારવાર કેન્દ્ર શરૂકરાયા

દરેક તાલુકામાં એક સી.એમ.ટી.સી. કાર્યરતઃ જિલ્લામાં ૧૨ કેન્દ્રોમાં ૩૨ બાળકોની સઘન સારવાર



કમલમ્ ન્યુઝ,રાજકોટ

"કુપોષણમુક્ત ભારત અભિયાન" અન્વયે બાળકોને કુપોષણ થી મુક્ત કરવા રાજકોટ જિલ્લામાં આઠ બાળ કુપોષણ સારવાર કેન્દ્ર (C.M.T.C.) – શરૂ કરવામાંઆવ્યા છે. જેમાં હાલ ૩૨ બાળકોને પોષણયુક્ત આહાર સાથે સઘન સારવાર અપાઈ રહી છે. રાજકોટ જિલ્લા પંચાયતની કુટુંબ કલ્યાણ શાખાની યાદીમાં જણાવ્યાપ્રમાણે, તા ૧૭ સપ્ટેમ્બર પહેલા રાજકોટ જિલ્લામાં કુલ ૩ (C.M.T.C.) બાળસેવા કેન્દ્રો કાર્યરત હતા. પરંતુ રાજકોટ જિલ્લામાં દરેક તાલુકા દીઠ એક C.M.T.C. હોવુંજોઈએ એવા ધ્યેય સાથેજિલ્લાકલેક્ટરશ્રીપ્રભવ જોશીનીસૂચના તથાજિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરીના માર્ગદર્શન તથાસી.ડીએચ.ઓ. ડૉ. નિલેશ રાઠોડના નિર્દેશ મુજબ, જિલ્લાના દરેક તાલુકામાં હાલ એક-એક (C.M.T.C.) બાળ સેવા કેન્દ્રો શરૂ કરવામાંઆવ્યા છે. જેમાં રાજકોટના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈપટેલનાહસ્તે તા ૧૭ સપ્ટેમ્બરના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરપુર, કુવાડવા અને પડધરી ખાતે નવા 3 (CMTC) કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાછે. જ્યારે બીજી ઓક્ટોબરે બીજા નવા પાંચ (CMTC) કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર વિંછિયા, ભાયાવદર, લોધિકા, કોટડા સાંગાણી અને જામકંડોરણાનો સમાવેશ થાય છે. આમ હાલ રાજકોટ જિલ્લાનાદરેક તાલુકામાં ૧-૧ મળીકુલ ૧૧ (CMTC) બાળ સેવા કેન્દ્રો જ્યારે એક (N.R.C.) ન્યુટ્રીશનલ રીહેબિટેશન સેન્ટર કેન્દ્ર પી.ડી.યુ. હોસ્પિટલ-રાજકોટ ખાતેકાર્યરત છે. તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ શરૂ કરાયેલા3 C.M.T.C.માંકુલ ૧૩ બાળકો જ્યારે બીજી ઓક્ટોબરના રોજ શરૂ કરાયેલા નવા પાંચ C.M.T.C.માં હાલ ૧૯ બાળકો સારવાર હેઠળ છે. આમ જિલ્લામાં કુલ 11 (CMTC) બાળ સેવા કેન્દ્રોમાં કુલ ૩૨ બાળકો સારવારહેઠળ છે. નોંધનીય છે કે, C.M.T.C. બાળ સેવા કેન્દ્રોમાં કુપોષિત બાળકોને ૧૪ દિવસ સુધી એડમિશન આપીને સારવાર અને યોગ્ય પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. એડમિશન દરમિયાન બાળકની સાથે આવેલા તેના એક વાલીને પણ રહેવા અને જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે આપવામાં આવે છે. આ કેન્દ્રોનો મુખ્ય હેતુ બાળકોને કુપોષણમુક્તકરવાનો છે.

બ્રહ્માકુમારી અટલાદરા દ્વારા અનેક સામાજિક સેવા કાર્યો ચાલી રહ્યા છે સમાજને એક નવો રાહ ચિંધશે

અટલાદરા બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રની વિવિધ સેવાકીય પ્રવૃતિઓ નિહાળતા મેયર શ્રીમતી પિંકી સોની અને સાંસદ રંજનબેન ભટ્ટ

કમલમ્ ન્યુઝ,

બ્રહ્માકુમારીઝ કેન્દ્ર,અટલાદરાનાસંચાલિકાબી.કે. ડો. અરુણાદીદીને તાજેતરમાં મળેલ ડોકટરેટ ની પદવીના સન્માનમાં શહેરના મેયર તેમની ટીમતથાસાંસદસભ્ય રંજનબેનની ખાસ ઉપસ્થિતિમાં એક વિશેષ સન્માન સમારંભ યોજાયો હતો. સન્માન સમારંભ સંસ્થાના મુખ્ય સંચાલિકા બી.કે. અરૂણાબેનને હાલમાં જ ITM વોકેશનલ યુનિવર્સીટીના ૮માં પદવીદાન સમારંભમાં ઈસરોનાપૂર્વ અધ્યક્ષ ડો. શિવાન દ્વારા ડોકટર ઈન લિટરેચરની ડીગ્રીઆપવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના પ્રથમ નાગરિક મેયર શ્રી પિંકીબેન દ્વારા આ સંકુલમાં અદભુત શાંતિ ના અનુભવનો અહેસાસ વ્યકત કર્યો હતો. સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટએજણાવ્યું હતુંકે બ્રહ્માકુમારી અટલાદરા દ્વારાઅનેક સામાજિક સેવા કાર્યો ચાલી રહ્યા છે. જે સરાહનીય છે. તેમની આ પ્રવૃત્તિ સમાજને એકનવો રાહ ચિંધશે. આ પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી ચિરણભાઈ બારોટ, સ્ટેન્ડિંગકમિટીનાચેરમેન ડો. શીતલ મિસ્ત્રી, ITM વોકેશનલ યુનિવર્સીટીના ડો. અનિલ બેસિન પણ ખાસ હાજર રહ્યા હતા. રાજયોગ મેડિટેશનથી સંકલ્પ શક્તિ વધે છે તેવો પોતાનો અભિપ્રાય વ્યકત કર્યો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ મંગલવાડી સબઝોન ઈન્ચાર્જ બી. કે. રાજદીદીએ આશીર્વચન આપી સૌને રાજયોગ મેડિટેશન માં જોડાવવાનું આહવાન આપ્યું હતુ. સભાનું સંચાલન અટલાદરાસેન્ટરના સહ સંચાલિકા બી.કે. પૂનમદીદી દ્વારા કરવામાંઆવ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે નવું આકર્ષણ ઉમેરાયું: હવે શનિવાર અને રવિવારે એસઆરપીનુ પોલીસ બેન્ડ પ્રવાસીઓનું નિઃશુલ્ક મનોરંજન કરશે

કમલમ્ ન્યુઝ,વડોદરા,

એકતાનગર, નર્મદાઃ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આવેલી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુઓફયુનિટીપર પ્રવાસીઓની સુવિધા અને મનોરંજન માટે અવનવા આકર્ષણો હાલ ઉપલબ્ધ છે. પ્રવાસીઓની સુવિધાઓ અને મનોરંજનમાં વધારો કરવાના ઉદ્દેશ્યથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે, હવે અહીં આવતા પ્રવાસીઓ શનિવાર અને રવિવારે સાંજના સમયે, એસઆરપી પોલીસ બેન્ડની પ્રસ્તુતિનો આનંદ માણી શકશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતાનગર અધિક કલેકટર ગોપાલ બામણીયા એ વધુવિગતો આપતાજણાવ્યું હતુ કે, સ્ટેચ્યુ ઓફયુનિટી એકતાનગર આજે વૈશ્વિક પ્રવાસન સ્થળ બન્યુ છે ત્યારેસ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતાનગરના ચેરમેન મુકેશપુરીની સૂચના અને સીઈઓ ઉદિત અગ્રવાલના માર્ગદર્શનમાં હવે નિયમિતપણે એસઆરપી પોલીસ બેન્ડ વગાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૭/૧૦/૨૦૨૩થી દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં તેમજ રવિવારે આ જ સમય ગાળામાં ચિલડ્રન ન્યુટ્રીશન પાર્કની બાજુમાં એકતા ફુડ કોર્ટ પાસેપોલીસ બેન્ડની પ્રસ્તુતિથશે. પોલીસની એસઆરપી યુનિટ ના જવાનો વિવિધ પ્રસ્તુતિ દ્વારા પ્રવાસીઓનુંમનોરંજન કરશે. એસઆરપી પોલીસ બેન્ડના આ આકર્ષણનુ સંકલનએસઆરપી જૂથ ૧૮, એકતાનગરના, નર્મદા બટાલિયન ના સેનાપતિ એન્ડ્રુઝ મેકવાન કરશે. આવનારી જાહેર રજાઓમાંપણ સ્ટેચ્યુ ઓફ યુનિટી ચાલુ રહેશે ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં આવતી જાહેર રજાઓમાં ૨ ઓકટોબર ગાંધી જયંતિ,તા. ૨૭નવેમ્બર ગુરુનાનક જયંતિ અને તા. ૨૫ ડિસેમ્બર નાતાલનો સમાવેશ થાય છે. પ્રવાસીઓ બહોળીસંખ્યામાં જાહેર રજાના દિવસે એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા અન્ય પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ શકે તે હેતુથી આ ત્રણ જાહેર રજાના દિવસે સોમવારના રોજ સ્ટેચ્યુઓફ યુનિટીપ્રવાસીઓ માટે ચાલુરાખવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

મંત્રીમંડળે આંતર રાજ્ય નદી જળ વિવાદ (ISRWD) ધારા, ૧૯૫૬ હેઠળ ક્રિષ્ના જળ વિવાદ ટ્રિબ્યુનલ - IIને સંદર્ભની શરતો – તેલંગાણા રાજયની વિનંતીને મંજૂરી આપી

કમલમ્ ન્યુઝ,

શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ISRWD કાયદાનીકલમ૫(૧) હેઠળહાલની ક્રિષ્નાવોટર ડિસ્પ્યુટ ટ્રિબ્યુનલ - II (કેડબલ્યુડીટી - II)ને તેલંગાણા અને આંધ્રપ્રદેશ (એપી) વચ્ચે તેનાચુકાદામાટે વધુ સંદર્ભની શરતો(ટીઓઆર) ઇશ્યૂ કરવાની મંજૂરીઆપી દીધીછે. આ કાનૂની અભિપ્રાય પ્રાપ્ત કરવા પર આધારિતછે અને તેલંગાણા સરકાર (જીઓટી) દ્વારા આંતર રાજ્ય નદી જળ વિવાદો (ISRWD) અધિનિયમ, ૧૯૫૬ ની કલમ (૩) હેઠળ તેમની ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર પ્રકાશ પાડે છે. કૃષ્ણા નદીના પાણીના ઉપયોગ, વિતરણ અથવા નિયંત્રણ અંગેના બંને રાજ્યો વચ્ચેના વિવાદના નિરાકરણથી તેલંગાણા અને આંધ્રપ્રદેશ બંને રાજયોમાં વિકાસના નવા માર્ગો ખુલશે અને આ બંને રાજ્યોના લોકોમાટે ફાયદાકારકરહેશે, જેથી આપણા દેશના નિર્માણમાં મદદ મળશે. કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ-૨ની રચના કેન્દ્ર સરકારે ૦૨.૦૪.૨૦૦૪ના રોજ આઈએસઆઈઆરડબલ્યુડી ધારા, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ પક્ષીય રાજ્યો દ્વારા કરવામાં આવેલી વિનંતીઓપર કરીહતી. ત્યારબાદ ૦૨-૦૬-૨૦૧૪ના રોજ ભારત સંઘના રાજ્ય તરીકે તેલંગાણા અસ્તિત્વમાં આવ્યું. આંધ્રપ્રદેશ પુનર્ગઠન અધિનિયમ (એપીઆરએ), ૨૦૧૪ની કલમ ૮૯ મુજબ, એપીઆરએ, ૨૦૧૪ની ઉપરોક્ત કલમની કલમો(એ) અને (બી)નું સમાધાન કરવા માટે કેડબલ્યુડીટી-IIનો સમય ગાળો લંબાવવામાં આવ્યો હતો. ત્યારબાદતેલંગાણા સરકારે ૧૪.૦૭.૨૦૧૪ના રોજ ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય (એમઓજેએસ)નાજળ સંસાધન, નદી વિકાસ અને ગંગા જીર્ણોદ્ધાર વિભાગ(ડીઓડબલ્યુઆર, આરડી એન્ડ જીઆર)ને કૃષ્ણા નદીના પાણીના ઉપયોગ, વિતરણ અને નિયંત્રણ અંગેનાવિવાદનો ઉલ્લેખ કરીને એક ફરિયાદ મોકલી હતી. આ મામલે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં માનનીય સુપ્રીમ કોર્ટ (એસસી)માંએક રિટ પિટિશન પણ દાખલ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮માં ભારત સરકારે ડીઓડબલ્યુઆર, આરડી એન્ડ જીઆર, એમઓજેએસને વિનંતી કરી હતી કે, તેઓ ફક્ત તેલંગાણા અને આંધ્રપ્રદેશ વચ્ચે સંદર્ભનો અવકાશ મર્યાદિત રાખીને આ ફરિયાદને હાલનાં કેડબલ્યુડીટી-૨ને સુપરત કરે.બાદમાં માનનીય પ્રધાન (જલ શક્તિ) હેઠળ યોજાયેલી ૨૦૨૦ માં બીજી એપેક્સ કાઉન્સિલની બેઠકમાં આ મામલે ચર્ચા કરવામાં આવી હતી. સર્વોચ્ચ પરિષદની બીજી બેઠક દરમિયાન ચર્ચા થયા મુજબ, જીઓટીએ ૨૦૨૧માં ઉપરોક્ત રિટ પિટિશનપાછી ખેંચીલીધીહતી અને ત્યારબાદ, આ મામલે ડીઓડબ્લ્યુઆર, આરડી અને જીઆર દ્વારા કાયદા અને ન્યાય મંત્રાલય (એમઓએલ એન્ડ જે)નો કાનૂની અભિપ્રાય માંગવામાં આવ્યો હતો.

પાદરાના ધોબીકૂવામાં વીજશોકથી માતાપુત્રીના મૃત્યુના બનાવમાં સરકાર દ્વારા રૂ. ૮ લાખની સહાય ચૂકવાઈ

ગત્ત તા. ૧૮ના રોજ કપડા સૂકવવા જતા માતા અને પુત્રીને વીજશોક લાગ્યો હતો અને મૃત્યું થયા હતા

કમલમ્ ન્યુઝ,વડોદરા,

પાદરા તાલુકાના ધોબીકૂવા ગામે બનેલી કરુણાંતિકામાં માતાપુત્રીના વીજશોક લાગવાના બનાવમાંઅનુકંપિત રાજ્ય સરકાર દ્વારા મૃતકોના વારસને કુલ રૂ. ૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. ગતતા. ૧૮સપ્ટેમ્બરના રોજ પાદરાના ધોબીકૂવા ગામની સીમ વિસ્તારમાં રહેતાનયનાબેન અને ઉષાબેન છત્રસિંહપરમાર નામના માતાપુત્રી કપડા સૂકવવાજતા હતા ત્યારે તેમાટે બાંધેલલોખંડના તાર ઉપર વીજ કરંટ લાગ્યો હતો અને બન્નેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યા હતા. જે બાબતે પાદરા ના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા રાજ્ય સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ કરુણ બનાવને પગલે રાજ્ય સરકાર દ્વારા પણ સંવેદના દાખવવામાં આવી હતી અને એસડીઆરએફ અંતર્ગત સહાય ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે બાદ ૧૨ જ દિવસમાંરાજ્ય સરકારદ્વારા મૃતક દીઠ ચાર લાખ એમ માતાપુત્રીના રૂ. આઠ લાખની સહાય નક્કી કરવામાં આવી હતી. આ સહાય તેમના વારસદાર છત્રસિંહ પઢિયારને ચૂકવવામાંઆવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ગ્રીન ગ્રોથના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું એક નક્કર કદમ

ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરી રાજ્યના આર્થિક વિકાસને વેગ આપવા સાથે રાજ્યમાં કાર્બન ફુટપ્રિન્ટમાં ઘટાડો કરીને દેશના નેટ ઝીરો એમિશનના લક્ષ્યાંક પૂર્તિ માટે સહભાગી થવાનો આ નીતિનો ઉદ્દેશ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રિન્યૂએબલ એનર્જી પોલીસી-૨૦૨૩ નાણા અને ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં જાહેર કરી

કમલમ્ ન્યુઝ,

ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએઆપેલા ગ્રીન ગ્રોથના સંકલ્પને સાકાર કરવાની દિશામાંએક નક્કર કદમ ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી -૨૦૨૩ની જાહેરાત કરીનેભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાણાં અને ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં આ નવી ગુજરાત રિન્યૂએબલ એનર્જી પોલીસી -૨૦૨૩ જાહેર કરી છે.. આ પોલિસી વિન્ડ, સોલાર અને હાઈબ્રીડ ટેકનોલોજીપર આધારિત રિન્યૂએબલજનરેશનપ્રોજેક્ટસની સ્થાપનાને પ્રોત્સાહિતકરનારીઅને વ્યાપકપણેરિન્યૂએબલએનર્જીના મુખ્યસ્ત્રોતોને આવરીલેતીઆગવી પોલીસી છે. એટલું જ નહીં, આ પોલીસી અંતર્ગત ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર, રૂફટોપસોલાર, ફ્લોટીંગ સોલાર, કેનાલ ટોપ સોલાર અને વિન્ડ, રૂફટોપ વિન?ડ અને વિન?ડ-સોલાર હાઈબ્રીડ પ્રોજેક્ટસને આવરી લેવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલી આ પોલિસીનો ઓપરેશનલ સમયગાળો નવી પોલીસી જાહેર થતાં સુધીનો અથવા ૨૦૨૮ સુધીનો રાખવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હરિત ઊર્જાસ્ત્રોતોનો ઉપયોગ ઉત્તરોત્તર વધારીને ભારતને વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જનનોલક્ષ્યાંક રાખ્યોછે. આ લક્ષ્યાંકની સાથે ટૂંકા ગાળાના લક્ષ્યાંકો પણ નક્કીકરાયાંછે. જેમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ૫૦૦ ગીગાવોટ સુધી વધારીને દેશનીકુલ ઊર્જાજરૂરિયાતના ૫૦ ટકા રિન્યુએબલએનર્જીમાંથી પ્રાપ્ત કરવાનુંલક્ષ્ય નક્કીકર્યું છે.ગુજરાતે વડાપ્રધાનશ્રીની આ નેમને પાર પાડવાઆ નવીરિન્યૂએબલ એનર્જી પોલિસી અંતર્ગત ૨૦૩૦ સુધીમાં સમગ્ર વિજ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો રિન્યૂએબલ એનર્જી દ્વારા પ્રાપ્ત કરવાના ઉદ્દેશ સાથે આ પોલિસીમાં વિવિધ સુવિધાઓ પ્રદાન કરવાનીજોગવાઈઓ કરેલી છે.રાજ્યની સંભવિત રિન્યૂએબલ ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશેતેમજઅંદાજે ૪ લાખ એકર જમીનનો ઉપયોગ આ પોલીસી હેઠળ આવનારા પ્રોજેક્ટસમાં થવાની સંભાવના રાખવામાં આવી છે. એટલું જ નહીં, ગુજરાતના રિન્યૂએબલ એનર્જી પોલિસી -૨૦૨૩ના પરિણામે પાંચ લાખ કરોડનું રોકાણ થવાની પણ સંભાવનાઓ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ પોલીસી હેઠળના લાભો પ્રોજેક્ટ કમિશનીંગ તારીખથી ૨૫ વર્ષના અથવા રિન્યૂએબલ પ્રોજેક્ટસના લાઈફ ટાઈમ સમયગાળા પૈકી જે વહેલું હોય તે માટે લાગુ થશે. આ પોલીસીઅન્વયેપ્રોજેક્ટની નોંધણી, માન્યતા, કમિશનીંગ પ્રમાણપત્ર અને માસિક પ્રગતિ અહેવાલ રજૂ કરવા માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી– GEDA કાર્યવાહી કરશે. તેમજ પોલીસીના અમલીકરણ, સંકલન અને દેખરેખ એજન્સી તરીકે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ-GUVNL કામગીરીહાથ ધરશે.

- રાજ્યની અંદાજિત 36 GW (ગીગાવોટ) સોલર અને 143 GW (ગીગાવોટ) વિન્ડ ક્ષમતાનો ઉપયોગ કરાશે
- ૨૦૩૦ સુધીમાં રાજ્યમાં સમગ્ર વીજ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો રિન્યૂએબલ એનર્જી દ્વારા પ્રાપ્ત કરવાની નેમ
- આ નવીન પોલીસીના કારણે અંદાજે પાંચ લાખ કરોડ રૂપિયાના રોકાણોની સંભાવના
- ISTS કનેક્ટેડ પ્રોજેક્ટ દ્વારા ગુજરાતની બહાર પાવર નિકાસ કરી શકાશે
- હવેથી ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર, રૂફટોપ સોલાર, ફ્લોટીંગ સોલાર, કેનાલ ટોપ સોલાર અને વિન્ડ, રૂફટોપ વિન્ડ અને વિન્ડ-સોલાર હાઇબ્રીડ પ્રોજેક્ટસ આ કોમ્પ્રિહેન્સિવ પોલિસી અન્વયે આવરી લેવાશે
- સોલાર, વિન્ડ તથા હાઈબ્રીડ પ્રોજેક્ટ માટે કેપેસિટી નિયંત્રણો દૂર કરાયાં
- ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (GEDA) નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે

રાજ્યમાં વિન્ડ-સોલાર તથા હાઇબ્રીડ ટેકનોલોજી આધારિત રિન્યૂએબલ જનરેશન માટેના પ્રોજેક્ટસની સ્થાપના માટે પ્રોત્સાહક નીતિ

ગુજરાત રિન્યૂએબલ એનર્જી પોલીસી - ૨૦૨૩ની મુખ્ય આકર્ષક બાબતો અને જોગવાઈઓ આ મુજબ છે –

- કન્ઝ્યુમરની કોન્ટ્રાક્ટ ડિમાન્ડના સંદર્ભમાં ઈઈ પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે કેપેસીટી પર કોઈ નિયંત્રણો નથી.
- કન્ઝ્યુમરનાવપરાશ સામે RE પાવર સેટલમેન્ટ, બિલિંગસાયકલના આધારે હાથ ધરવામાં આવશે.
- ગ્રીન પાવર સપ્લાય – ગુજરાત વીજ નિયમન પંચ-GERC દ્વારા સમયાંતરે નિર્ધારિત ગ્રીન પાવર સપ્લાય ટેરિફ પર ગ્રાહકની વિનંતી પર 100% RE ઊર્જા સપ્લાય.
- રૂફટોપ પ્રોજેક્ટ્સમાટે નેટ મીટરિંગ અથવા ગ્રોસ મીટરિંગનો વિકલ્પ ઉપલબ્ધછે.
- નાના પાયે રૂફટોપ વિન્ડ પ્રોજેક્ટ્સકન્ઝ્યુમર દ્વારા સ્થાપિત કરી શકશે.
- ઓફશોર વિન્ડના પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવશે.
- પોલિસી વિન્ડ ટર્બાઈન જનરેટર-ઉપ્ઉત્પાદકોઅને ઈઈ ડેવલપર્સને પ્રોટોટાઈપ ઉર્જ ઈન્સ્ટોલ કરવા માટે સુવિધા આપશે.
- વિન્ડટર્બાઈન જનરેટરના રિપાવરિંગને પ્રોત્સાહન આપશે એટલે કે જૂના, નાના કદના અને બિનકાર્યક્ષમ વિન્ડ ટર્બાઈનને પુનઃ ઊર્જાવાન કરવા અને મોટા તથા વધુ કાર્યક્ષમ ટર્બાઈન સાથે બદલવા માટે મંજૂરી આપવામાં આવશે. રિપાવરિંગ માટે કેપેસિટી વધારાની કોઈ લિમિટ નથી.
- હાલના સ્થાપિતવિન્ડપાવર પ્લાન્ટને અથવા બાંધકામ હેઠળનાસ્ટેન્ડઅલોન વિન્ડ અથવા સોલાર પાવર પ્લાન્ટને હાઈબ્રિડ પ્રોજેક્ટ્સમાં રૂપાંતરિત કરવાની સુવિધા આ પોલિસી અંતર્ગત મળશે.
- રહેણાંક ગ્રાહકો દ્વારા ઉપયોગમાં લેવાતી સૌર ઊર્જા પર કોઈ બેંકિંગ શુલ્ક લાગુ થશે નહીં, જ્યારે અન્ય ગ્રાહકો માટે GERC દ્વારા સમયાંતરે નિર્ધારિત બેંકિંગ શુલ્ક લાગુ પડશે.
- આ પોલિસીજે RE પાર્કને પ્રોત્સાહન આપે છે તેમાં સોલાર પાર્ક, વિન્ડ પાર્ક અને હાઈબ્રિડ પાર્કનો સમાવેશ થાય છે.
- નહેરો, નદીઓ પર ફ્લોટિંગ સૌર પ્રોજેક્ટ વિકસાવી શકાશે.
- કેપ્ટિવ પાવર પ્રોજેક્ટ પર ક્રોસ-સબસિડી સરચાર્જ અને વધારાનો સરચાર્જ લાગુ થશે નહીં.
- ડિસ્કોમ સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા દ્વારાપસંદ કરાયેલ REપ્રોજેક્ટ્સમાંથી પાવર મેળવવા માટેકરાર કરશે.
- ૪ મેગાવોટ સુધીના સૌર પ્રોજેક્ટમાંથી ડિસ્કોમ અગાઉના ૬ મહિનામાં સ્પર્ધાત્મક બિડિંગ હેઠળ કરાર કરાયેલ ટેરિફની સિમ્પલ એવરેજ ટેરિફ રૂ.0.20 પ્રતિ ઉર ટેરિફ પર વીજળી મેળવી શકે છે અને ૧૦મેગાવોટ સુધીના વિન્ડ પ્રોજેક્ટને સિમ્પલ એવરેજ ટેરિફ પર મેળવી શકે છે.
- ISTS કનેક્ટેડ પ્રોજેક્ટ દ્વારા ગુજરાતની બહાર પાવર નિકાસકરી શકાશે.
- ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત સિંગલવેબ પોર્ટલ રહેશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ COP-26ના ગ્લાસગો ખાતે યોજાયેલા સંમેલનમાં ક્લાઈમેટ ચેન્જ, રિન્યૂએબલ એનર્જી સોર્સમાં થતો સતત ઘટાડો તેમજ પ્રદૂષણના કારણે ઊભા થયેલા પડકારોનેઅવસરમાં ફેરવી વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરવા પર ભાર મૂક્યો છે. આ હેતુસર તેમણે ઉત્તરોતર ગ્રીન ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગવધારીને ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન નેટ ઝીરો કરવા માટેનોસંકલ્પ વ્યક્ત કર્યોછે. ગુજરાત વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં સોલાર, વિન્ડ, હાઈબ્રીડ જેવાં ગ્રીન એનર્જીનાં ક્ષેત્રોમાં નીતિ નિર્ધારિત વિકાસ દ્વારા અગ્રણી રાજ્ય બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાંરાજ્ય સરકારે રજૂ કરેલા વિકાસના પંચ સ્તંભ આધારિત બજેટમાં ગ્રીન ગ્રોથને એક મહત્વપૂર્ણ સ્તંભ ગણ્યો છે. આ સંદર્ભમાં નવી ગુજરાત એનર્જી પાલીસી–૨૦૨૩ તે દિશામાં રાજ્યને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની સાથે આત્મનિર્ભર ગુજરાતથીઆત્મનિર્ભર ભારતની નેમ પાર પાડશે. મુખ્યમંત્રીશ્રીએ આ પોલીસીજાહેર કરીતે અવસરે મુખ્ય સચિવશ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવશ્રીઓ શ્રી પંકજ જોષી, શ્રી જે. પી. ગુપ્તા તથા અગ્રસચિવશ્રીઓ શ્રીમતી મમતા વર્મા, શ્રી સંજીવકુમાર તથા વરિષ્ઠ સચિવો અને ઊર્જા વિભાગનાઅધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

‘વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ ડિસ્ટ્રીકટ’ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની સ્થાનિક ચીજવસ્તુઓ, ઉત્પાદકોને પ્રમોટ કરાશે



કમલમ્ ન્યુઝ,આહવા

VG20 ની રાજયભરમાં થઈ રહેલી ઉજવણીના અનુસંધાને યોજાઈ રહેલા ‘વાયબ્રન્ટડિસ્ટ્રીકટ’ ના કાર્યક્રમોની શૃંખલાનોએક કાર્યક્રમ, ડાંગ જિલ્લાના વેપરી મથક વઘઈ ખાતે પણ આયોજિતકરાયો છે. તા. ૬ ઓકટોબરે વઘઈસ્થિત કૃષિવિજ્ઞાન કેન્દ્રખાતેયોજાનાર ‘વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ ડિસ્ટ્રીકટ’ના ડાંગ જિલ્લાના કાર્યક્રમનાઉદ્દઘાટન સમારોહમાં સવારે ૧૧:૦૦ વાગ્યે પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ પધારશે. આ વેળા ડાંગની વિશિસ્ટ ઓળખ એવા સ્થાનિક ઉત્પાદનો, બનાવટોના નિદર્શનસ્ટોલ્સ પણપ્રવાસીઓને માહિતીપૂરી પાડશે.દરમિયાન સ્થાનિક ઉત્પાદકો, હસ્તકલાની ચીજવસ્તુઓ, સેવા પ્રકારના કામો વિગેરે સાથે જરૂરિયાત મુજબ જિલ્લા વહિવટી તંત્ર સમજૂતી કરાર કરશે. ડાંગ જિલ્લાના VGVD કાર્યક્રમના સુચારુ આયોજન, વ્યવસ્થાઅર્થે જિલ્લા કલેક્ટર શ્રીમહેશ પટેલના અધ્યક્ષ સ્થાનેએક ઉચ્ચસ્તરીયબેઠક યોજાઈ હતી. જેમાંસંબંધિત અધિકારીઓને કલેક્ટરશ્રીએ ઉપયોગી માર્ગદર્શન આપતા, કાર્યક્રમ આયોજનનોહેતુ સુપેરે સિદ્ધ થાય તેમાટે અપીલ કરી હતી. બેઠકમાં જિલ્લા વિકાસઅધિકારી શ્રી આર.એમ.ડામોર, નિવાસી અધિક કલેક્ટર શ્રી એસ.બી.તબિયાર, નાયબ જિલ્લાવિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી સહિતના ઉચ્ચાધિકારીઓ, જિલ્લા ઉધોગ કેન્દ્રના અધિકારીઓ, વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

મંત્રીમંડળે બિહાર અને ઝારખંડમાં ઉત્તર કોયલ જળાશય યોજનાના સંતુલિત કાર્યોને પૂર્ણ કરવાના સુધારેલા ખર્ચને મંજૂરી આપી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષાતામાં આર્થિક બાબતો પરની મંત્રીમંડળીય સમિતિએ જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા જીર્ણોદ્ધાર વિભાગ, જલ શક્તિ મંત્રાલયનાં વિભાગનાં પ્રસ્તાવને મંજૂરી આપી છે, જેનો ઉદ્દેશ ઉત્તર કોયલ જળાશય યોજનાનાંબાકીનાં કાર્યો રૂ. ૨,૪૩૦.૭૬ કરોડ (કેન્દ્રનો હિસ્સોઃ રૂ. ૧,૮૩૬.૪૧ કરોડ)નાં સંશોધિતખર્ચ સાથે, બાકીની કિંમત રૂ. ૧, ૬૨૨.૨૭ કરોડ(કેન્દ્રીય હિસ્સોઃ રૂ.૧,૩૭૮.૬૦ કરોડ) સામે પૂર્ણ કરવામાં આવશે. જેને ઓગસ્ટ, ૨૦૧૭માં મંજૂરી આપવામાં આવી હતી. બાકીની કામગીરી પૂર્ણ થયા પછી પ્રોજેક્ટથી ઝારખંડઅને બિહારનાં દુષ્કાળની શક્યતા ધરાવતાં ચાર જિલ્લાઓમાં ૪૨,૩૦૧ હેક્ટર વિસ્તારમાં વધારાની વાર્ષિક સિંચાઈનીસુવિધા પ્રદાન થશે. નોર્થ કોયલ જળાશય યોજના આંતર-રાજ્ય મુખ્ય સિંચાઈ યોજના છે, જેનો કમાન્ડએરિયા બિહાર અને ઝારખંડ એમ બે રાજ્યોમાંઆવેલો છે. આ પરિયોજનામાં કુટકુ ગામ (જિલ્લો લાતેહાર, ઝારખંડ) નજીક ઉત્તર કોયલ નદી પરનોબંધ, બંધથી ૯૬ કિ.મી.ના ડાઉનસ્ટ્રીમ (મોહમ્મદગંજ, જિલ્લા પલામુ, ઝારખંડખાતે), જમણી મુખ્ય નહેર (આરએમસી) અને ડાબી મુખ્ય નહેર (એલએમસી)બેરેજથી ઉદ્ભવ ભરે છે. બંધનું નિર્માણ અને આનુષંગિક પ્રવૃત્તિઓ વર્ષ ૧૯૭૨માં બિહાર સરકાર દ્વારા તેના પોતાના સંસાધનોથી શરૂ કરવામાં આવી હતી. આ કામ ૧૯૯૩ સુધી ચાલ્યું હતું અને તે વર્ષે વન વિભાગ, બિહાર સરકાર દ્વારા બંધ કરવામાં આવ્યું હતું. ડેમમાં એકઠું થયેલું પાણી બેટલા નેશનલ પાર્ક અને પલામુ ટાઈગર રિઝર્વને જોખમ ઊભું કરશે તેવી આશંકાનેકારણે ડેમનુંકામ અટકી પડ્યું હતું. કામ બંધ થયાબાદ આ પ્રોજેક્ટથી ૭૧,૭૨૦ હેક્ટર જમીનને વાર્ષિક સિંચાઈમળી રહી હતી.

નવેમ્બર ૨૦૦૦માં બિહારના વિભાજન બાદ હેડ વર્ક એટલે કેડેમ અને બેરેજ ઝારખંડમાં આવેલા છે. આ ઉપરાંત મોહમ્મદગંજ બેરેજથી ૧૧.૮૯ કિ.મી.ની ડાબી મુખ્ય નહેર (એલએમસી) ઝારખંડમાં આવેલી છે. જો કે રાઈટ મેઈન કેનાલ (આરએમસી)ના ૧૧૦.૪૪ કિ.મી.માંથી પ્રથમ ૩૧.૪૦ કિ.મીમાં ઝારખંડમાંઅને બાકીના ૭૯.૦૪ કિ.મી.ના અંતરે બિહારમાં આવેલું છે. ભારત સરકારે વર્ષ ૨૦૧૬માં ઉત્તાર કોયલ જળાશય પરિયોજનાના સંતુલિત કાર્યો પૂર્ણ કરવા માટે સહાયતા પ્રદાન કરવાનો નિર્ણય લીધોહતો, જેથીઆ પરિયોજનાને કાર્યરત કરી શકાય, જેથી કલ્પિત લાભો પ્રાપ્ત કરી શકાય. પલામુ ટાઈગર રિઝર્વના મુખ્ય વિસ્તારને બચાવવા માટે જળાશયનું સ્તર ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રીમંડળે ઓગસ્ટ, ૨૦૧૭માં રૂ. ૧૬૨૨.૨૭ કરોડનાં અંદાજિત ખર્ચ સાથે પ્રોજેક્ટનાં બાકીનાં કાર્યો પૂર્ણ કરવાની દરખાસ્તને મંજૂરી આપી હતી. ત્યારબાદ, બંને રાજ્ય સરકારોની વિનંતીથી, કેટલાક અન્ય ઘટકોને આ પ્રોજેક્ટમાં સમાવવાની જરૂર હોવાનું જણાયું હતું. આરએમસી અને એલએમસીના સંપૂર્ણ લાઈનિંગને પણ કલ્પનાશીલ સિંચાઈ સંભવિતતા મેળવવા માટે તકનીકી વિચારણાથી આવશ્યક માનવામાં આવતું હતું. આમ, ગયા વિતરણ પ્રણાલી, આરએમસી અને એલએમસીનું લાઈનિંગ, માર્ગમાં આવેલાં માળખાંઓનું પુનઃમોડીકરણ, થોડાં નવા માળખાંનું નિર્માણ અને પ્રોજેક્ટ અસરગ્રસ્તપરિવારો (પીએએફ)નાં સંશોધન અને સંશોધન માટે એક વખતનું વિશેષપેકેજતૈયાર કરવાનાં હતાં. તદનુસાર, પ્રોજેક્ટનો સુધારેલો ખર્ચ અંદાજ તૈયાર કરવામાં આવ્યો હતો. ૨૪૩૦.૭૬ કરોડરૂપિયાનાબાકી કાર્યોના ખર્ચમાંથી કેન્દ્ર સરકાર ૧૮૩૬.૪૧ કરોડરૂપિયા આપશે.

‘સંપૂર્ણ સ્વાસ્થ્ય-એક સંકલ્પ’ ની વિભાવનાને ચરિતાર્થ કરતું ડાંગ જિલ્લા પ્રશાસન

‘સંકલ્પ સપ્તાહ’ ના પ્રથમ દિવસે ડાંગ જિલ્લાના ’એસ્પિરેશનલ બ્લોક’ સુબિર ખાતે યોજાયા આરોગ્ય વિષયક શ્રેણીબદ્ધ કાર્યક્રમો

કમલમ્ ન્યુઝ,આહવા

દેશસમસ્તમાં ઉજવાઈ રહેલા ’સંકલ્પસપ્તાહ’ ના કાર્યક્રમો પૈકીનો પ્રથમ દિવસનો ’સંપૂર્ણ સ્વાસ્થ્ય-એક સંકલ્પ’ વિષયક કાર્યક્રમ, ડાંગ જિલ્લાના એકમાત્ર ’એસ્પિરેશનલ બ્લોક’ સુબિર ખાતે યોજાઈ ગયો. કાર્યક્રમ ઉજવણીના ભાગરૂપે જિલ્લાના આરોગ્ય વિભાગ સાથે તાલુકા આરોગ્ય ટિમ દ્વારા, સુબિર તાલુકાના તમામ ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ગારખડી, શિંગાણા, અને પીપલદહાડ ઉપરાંત ૧૮ જેટલા હેલ્થ એન્ડ વેલનેસસેન્ટર ખાતે, સ્વાસ્થ્ય મેળાનું આયોજન કરાયું હતું. જેમાં પ્રસૂતિઅંગેની તપાસ,બિનચેપી રોગોનુંસ્ક્રીનીંગ, રસીકરણવિગેરેને લગતી કામગીરી હાથ ધરાઈ હતી. દરમિયાન ડાંગના જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા પણ આ તમામઆરોગ્ય સંસ્થાઓ ખાતે સક્રીય ટીબીકેસની શોધ, અને ટીબી સર્વે અંગેની ઝુંબેશ ચલાવવામાં આવી હતી. સાથે સુબીર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથીસુબીર સર્કલસુધીટીબીજનજાગૃતિ અંગેનીરેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામીત, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો.ભાર્ગવ દવે, મેડિકલ ઓફિસરશ્રી ડો.ગરવિના ગામીત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ, શાળાના બાળકો, ગ્રામજનોએ ભાગ લીધો હતો. ઉપરાંત નિશ્ચય મિત્ર દ્વારાદત્તક લેવાયેલાદર્દીઓને ટીબીસ્ટાફ દ્વારા રેફરલ હોસ્પિટલ-સુબીર ખાતે ન્યૂટ્રિશન કીટ પણ આપવામાંઆવી હતી. ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્તરે પ્રચલિતએવા પરંપરાગતમાધ્યમ હેઠળનામનોરંજનના કાર્યક્રમો પૈકી ‘‘તમાસા’’નાકાર્યક્રમનામાધ્યમથી, ટીબી અંગેનીજનજાગૃતિ અર્થે બરડીપાડા અને ચીખલી ગામેરાત્રી દરમિયાન જનજાગૃતિકાર્યક્રમ પણ આયોજિત કરાયા હતા. ’સંકલ્પ સપ્તાહ’ ના પ્રથમ દિવસે આયોજિત સ્વાસ્થ્ય મેળામા વિવિધ આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ પણ ત્રણેય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોખાતે હાથધરવામાં આવીહતી. જેમાંજનરલ ઓપીડીમાં ૨૭૯૨ લાભાર્થીઓએ સારવારનો લાભ લીધોહતો. અહીપ્રસુતિ ક્લીનીક, રસીકરણ ઝુંબેશ,બિનચેપી રોગોનુ સ્ક્રીનીંગ, એનિમીયા તપાસ અને સારવાર ક્લીનીક, ટીબી હારેગા-દેશ જીતેગા અંતર્ગત ટીબી સ્ક્રીનીંગ,

નિક્ષય મિત્રસુવિધા, સહિત ટીબી ચેમ્પીયન રેલી જેવાબહુવિધ કાર્યક્રમો આયોજિત કરાયા હતા.ઉલ્લેખનીય છે કે, ‘સંકલ્પ સપ્તાહ’ એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ (ABP) નાઅસરકારક અમલીકરણ સાથે સંકળાયેલો કાર્યક્રમ છે. આ અગાઉ ’એસ્પિરેશનલ ડિસ્ટ્રિકટ પ્રોગ્રામ’ નેકારણે દેશના ૧૧૨ જિલ્લાઓમાં ૨૫ કરોડથી વધુલોકોના જીવનમાંપરિવર્તન આવ્યું છે. જેની સફળતા હવે ’એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ’નો આધાર બન્યો છે. ’એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ’માં પંચાયતોની મોટી ભૂમિકા છે. જ્યારે દરેક ગ્રામ પંચાયત ઝડપથી કામ કરશે, ત્યારે જ દરેક બ્લોકનો વિકાસ ઝડપથી થશે. આ કાર્યક્રમ ભવિષ્યના ભારત માટે મહત્વપૂર્ણ છે. રીઝોલ્યુશનથી લઈને સિદ્ધિનો ઉલ્લેખ થશે ત્યારે એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામનું નામસુવર્ણ અક્ષરે લખવામાં આવશે. એસ્પિરેશનલ ડિસ્ટ્રિકટ પ્રોગ્રામ માટે ખૂબ જ સરળ વ્યૂહરચના સાથે કામ કરાયું હતું. દેશના સર્વાંગી વિકાસ, સર્વસ્પર્શી વિકાસ, સર્વ હિતકારી વિકાસ માટે પાયાના સ્તરે પરિવર્તન સાથે આગળ વધી, નાગરિકોના જીવનની ગુણવત્તાને વધારવા માટે બ્લોક સ્તરે વહીવટમાં સુધારો કરવાના ધ્યેય સાથે, દેશના ૩૨૯ જિલ્લાઓના ૫૦૦ જેટલા મહત્વાકાંક્ષી બ્લોકમાં તેનો અમલ કરવામાં આવીરહ્યો છે. એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામને અમલમાં મૂકવા અને અસરકારક બ્લોક વિકાસવ્યૂહરચના તૈયાર કરવામાટે સમગ્ર દેશમાં ગ્રામ્ય અને બ્લોક સ્તરે મંથન શિબિરોનું પણઆયોજન કરાયું હતું. જેના પરિપાકરૂપે ’એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ’ અમલમાંઆવ્યો છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028